Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 16, Issue. 271, March 2025

**પ્રિય વિદ્યાર્થી મિત્રો,**

શિક્ષણ માત્ર પુસ્તકોમાં સમાવિષ્ટ જ્ઞાન નથી, પરંતુ તે માનવ જીવનનો શ્રેષ્ઠ માર્ગદર્શક બની શકે છે. વિશ્વવિદ્યાલય જીવન એ માત્ર અભ્યાસની મર્યાદા સુધી સીમિત નથી, પરંતુ તે વ્યકિતગત વિકાસ નવી ક્ષમતાઓ વિકસાવવા અને જીવનમાં આગળ વધવા માટેનો એક અવસર છે. આજની દુનિયામાં, જ્યાં ટૅકનૉલૉજી અને નવાચાર ઝડપથી વિકસતા જાય છે, ત્યાં ગૌણ અને ઉચ્ચ શિક્ષણનું મહત્વ વધતું જાય છે. વિશ્વવિદ્યાલય ફક્ત શૈક્ષણિક સિદ્ધિઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે વિદ્યાર્થીના વ્યકિતત્વ, નેતૃત્વ અને વિચારશકિતને ઘડવા માટે પણ એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. વિદ્યાર્થી જીવનમાં પડકારો અવિભાજ્ય અંગ છે, પરંતુ આ પડકારો જાતિ, સંસ્કૃતિ અને ભાષાની ભિન્નતા વચ્ચે એકતા લાવવા માટેનું મંચ બની શકે છે. યુનિવર્સિટી જીવનમાં વિવિધ કાર્યક્રમો, સેમિનાર અને સંવાદો દ્વારા વિદ્યાર્થીઓને તેમના દ્વારા વિચારો રજૂ કરવાની અને નવી દૃષ્ટિ વિકસાવવા માટે તકો મળે છે. વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિઓ હાંસલ કરવી એક પ્રાથમિક લક્ષ્ય હોય છે. સિદ્ધિ માટે યોગ્ય અભ્યાસ પદ્ધતિઓ અપનાવવી મહત્વપૂર્ણ છે, જેમાં નોટ્સ બનાવવી, સમયનું સંચાલન કરવું અને વિજ્ઞાન, ગણિત સાહિત્ય અને અન્ય વિષયોની ઊંડી સમજ મેળવવી મહત્ત્વપૂર્ણ છે. સંશોધનત્વ અને પ્રયોગાત્મક અભ્યાસ વિદ્યાર્થીઓને તેમના વિષય સાથે વધુ જોડાણ અને આકારણી કરવાની તક આપે છે. યુનિવર્સિટીઓ દ્વારા આપવામાં આવતી સંશોધન ફેલોશીપ, લાઇબ્રેરી અને ડિજિટલ સ્ત્રોતો, પ્રોજેક્ટ વર્ક અને પ્રયોગશાળાઓ શૈક્ષણિક ક્ષમતાઓને વધુ પ્રતિભાશાળી બનાવે છે.

વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી એક એવી જગ્યા છે, જ્યાં તેઓ માત્ર શૈક્ષણિક ક્ષેત્રમાં જ નહી, પણ વિવિધ સંસ્થાઓ અને પ્રોજેકટસ દ્વારા વ્યવહારિક અનુભવ મેળવી શકે છે. યુનિવર્સિટી દ્વારા આયોજિત સંવાદો, વાદ–વિવાદ અને પ્રસ્તુતિઓ વિદ્યાર્થીઓને તેમના વિચારોને વધુ મજબૂત અને અસરકારક બનાવવા માટે મદદ કરે છે. આ ઉપરાંત, વિવિધ તાલીમ કાર્યક્રમો અને ઇન્ટર્નશિપ વિદ્યાર્થીઓને કારકિર્દી માટે તૈયાર કરે છે. શૈક્ષણિક અભ્યાસક્રમની સાથે સાથે અન્ય સંસ્થાઓ અને સ્વયંસેવક પ્રવૃત્તિઓમાં જોડાવાથી વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા, ટીમ વર્ક અને પ્રોબ્લેમ–સોલ્વિંગ કૌશલ્ય વિકસે છે. આ બધા તત્વો ભવિષ્યમાં તેમને સફળ બનવા માટે મદદરૂપ થાય છે.

જેમ જેમ પરીક્ષાની સિઝન નજીક આવી રહી છે, તણાવ અને ઉત્સુકતા બંને સહજ રીતે વધવા લાગ્યાં છે. આ સમયગાળો તમારું એકડેમિક વર્ષ પૂર્ણ કરવા માટે મહત્વપૂર્ણ તબક્કો છે. પરીક્ષા માત્ર શૈક્ષણિક મૂલ્યાંકન નથી, પરંતુ તે મનોબળ, ધ્યાન અને જીવનના સંઘર્ષોનો સામનો કરવાની તાકાત પણ ચકાસે છે. યોગ્ય તૈયારી, સારું આયોજન અને મનોબળ જાળવી રાખીને તમે આ અવધિમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકો છો.

પરીક્ષા જીવનનું એક અવશ્યંભાવી તથ્ય છે, જે વ્યકિતની પ્રતિભા અને તેની શકિતઓના અનુસંધાનને સ્પષ્ટ કરે છે. ગીતા જેવા પ્રાચીન શાસ્ત્રો પણ "કર્મણ્યેવાધિકારસ્તે" જેવો ઉપદેશ છે, જેનો અર્થ છે કે કર્મ પર ધ્યાન કેન્દ્રિત કરો, ફળની ચિંતા ન કરો. આથી પરીક્ષાને ગમ્મત અથવા નિષ્પતિ નહી, પણ એક સ્વવિકાસના એક તબક્કા તરીકે જોવી. જેમ જેમ પરીક્ષાની સિઝન નજીક આવી રહી છે, તણાવ અને ઉત્સુકતા બંને સહજ રીતે વધવા લાગ્યાં છે. આ સમયગાળો તમારું એકડેમિક વર્ષ પૂર્ણ કરવા માટે મહત્વપૂર્ણ તબક્કો છે.

વિદ્યાર્થીઓ પરીક્ષા માત્ર જ્ઞાનનો આકાર નહી પણ તમારો સંકલ્પ, પ્રયત્ન અને સમય સંચાલન પણ ચકાસે છે. આથી પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરવા માટે આત્મવિશ્વાસ સાથે આ પડકારનો સામનો કરો. શ્રદ્ધા, સમર્પણ અને મહેનત સાથે તમે સિદ્ધિ હાંસલ કરી શકશો. જીવન એક સતત શીખવાની પ્રક્રિયા છે અને દરેક પરીક્ષા એ નવો દૃષ્ટિકોણ અને અનુભવ લાવે છે. સંકટો અને પડકારો આપણા જીવનનો એક ભાગ છે, સફળતા એ એક ગતિશીલ યાત્રા છે, અંતિમ લક્ષ્ય નહી. અને એમાંથી આપણે ઉર્જા અને પ્રેરણા લેવી જોઈએ. સોક્રેટિસ કહે છે. "જ્ઞાન એ સત્ય અને ધ્યેય તરફનો એક પથ છે." આથી તમારું શ્રેષ્ઠ પ્રદાન કરો અને આત્મવિશ્વાસ સાથે આગળ વધો. વિદ્યાર્થીઓ માટે સંશોધન એમ મહત્વપૂર્ણ પાસું છે. તેઓ તેમના વિષયને વધુ ઊંડાણપૂર્વક સમજી શકે, નવા પરિપ્રેક્ષ્ય વિકસાવી શકે અને વૈજ્ઞાનિક પ્રયોગો, સાહિત્ય સમીક્ષા તેમજ પરિયજનાઓ દ્વારા પોતાનું જ્ઞાન વિસ્તારી શકે. સંશોધન કરવાથી વિદ્યાર્થીઓમાં વિશ્લેષણાત્મક વિચારો અને નવી વિચારધારા વિકસે છે.

અંતમાં શિક્ષણમાત્ર ડિગ્રી મેળવવા માટે નથી પણ તે જીવન જીવવાની કળા છે. આપણા યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થીએ માત્ર સારી કારકિર્દી મેળવવા માટે નહી, પરંતુ એક સારો નાગરિક બનવા માટે પણ પ્રયત્નશીલ રહેવું જોઇએ. આજનું શિક્ષણ ભવિષ્ય માટેનો પાયો છે અને તે આપણા જીવનને ઉન્નત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**તમારા ભવિષ્ય માટે શુભેચ્છાઓ.**

**આવનારા સમય માટે આપ સૌને અભિનંદન અને શુભેચ્છા.**

**તા. ૧ એપ્રિલ, ૨૦૨૫**

**(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### એમિટી વિશ્વવિદ્યાલય, નોઈડા, ઉત્તર પ્રદેશ ખાતે ૩૮માં રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો








એમિટી વિશ્વવિદ્યાલય, નોઈડા ખાતે ૩૮માં રાષ્ટ્રીય યુવા મહોત્સવ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સમૂહ નૃત્ય (આદિવાસી નૃત્ય)ની કૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત થયેલ છે. જેમાં મૅનેજર તરીકે ડૉ. પારૂલબેન દેસાઈએ સેવા આપેલ હતી. ચાલુ વર્ષે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં લોકમાતા અહલ્યાબાઈ હોલકર ૫૧મો યુવા મહોત્સવ યોજવામાં આવેલ, સદર યુવા મહોત્સવમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓ દ્વારા સમૂહ નૃત્ય (આદિવાસી નૃત્ય)ની કૃતિ સાથે તારીખ ૪ થી ૮ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન ૩૮મો વેસ્ટ ઝોન યુવા મહોત્સવ, સતરંગ ધ યુનિફેસ્ટ–૨૦૨૫માં ભાગ લીધેલ, સદર ૩૮માં વેસ્ટ ઝોન યુવા મહોત્સવમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ વિજેતા થઈ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે, જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય માટે ખૂબ જ ગર્વ કહી શકાય. જે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇ.ચા. નિયામકશ્રી ડૉ. યોગેશ વાંસીયા દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### જિમ્નેસ્ટિકસ નેશનલ ગેમ્સમાં સિલ્વર મેડલ મેળવ્યો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનવ સંસાધન વિકાસ વિભાગના MLW સેમેસ્ટર–૨ના વિદ્યાર્થી નિશાંત ચૌહાણે નેશનલ સ્તરે ઉત્તમ પ્રદર્શન કરીને વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. તારીખ ૧૦ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન જમ્મુ કાશ્મીરમાં જમ્મુ ખાતે યોજાયેલી નેશનલ ચેમ્પિયનશિપમાં ગ્રુપ અને મિકસપેર ઇવેન્ટમાં ભાગ લઈ સીનીયર કેટેગરીમાં ૨ સિલ્વર મેડલ મેળવ્યા હતા, તેમજ હાલમાં તારીખ ૮ થી ૧૩ ફેબ્રુઆરી, ઉત્તરાખંડ ખાતે યોજાયેલી ૩૮મી નેશનલ ગેમ્સ કે જે ભારતની સૌથી મોટી સ્પોર્ટ્સની સ્પર્ધા માનવામાં આવે છે. જેમાં ગ્રુપ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીતી નિશાંત ચૌહાણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું નામ રોશન કર્યું છે. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, માનવ સંસાધન વિભાગના વડાશ્રી ડૉ. ડી.જી.ઠાકોર, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇ.ચા. નિયામક ડૉ. યોગેશ વાંસિયા તથા વિશ્વવિદ્યાલય પરિવાર વતી તેઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તથા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવા આર્શીવચન પાઠવવામાં આવ્યા હતા.

### યુથ પાર્લામેન્ટ–૨૦૨૫

'મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ દ્વારા પુરસ્કૃત યુથ પાર્લામેન્ટ–૨૦૨૫' એ રાષ્ટ્રીય યુવા મહોત્સવ ૨૦૨૫ની એક મજબુત અને નવીન પરિવર્તનશીલ પહેલ છે. ભારતમાં ભવિષ્યના ઘડતરમાં યુવાનોના વધતા યોગદાનને ધ્યાનમાં રાખીને, આ કાર્યક્રમને 'યુથ પાર્લામેન્ટ–૨૦૨૫' નામ આપવામાં આવ્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સના સંયુકત ઉપક્રમે 'યુથ પાર્લામેન્ટ–૨૦૨૫'નું આયોજન તા. ૨૪/૦૩/૨૦૨૫ અને તા. ૨૫/૦૩/૨૦૨૫ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા

કરવામાં આવી રહ્યું છે. જે અંગે તા. ૦૫/૦૩/૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના વહીવટી ભવન, સભામાં બપોરે ૧૨:૩૦ કલાકે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

## એપલ ios લેબનું ઉદ્‌ઘાટન

વિશ્વવિદ્યાલયાના જે.પી.દાવર ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફૉર્મેશન સાયન્સ એન્ડ ટૅકનોલોજી ખાતે એપલ ios લેબનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના હસ્તે કરવામાં આવ્યું. આ લેબ દ્વારા વિદ્યાર્થીઓને ios એપ્લિકેશન ડેવલોપમેન્ટ તથા એપલ ઇકોસિસ્ટમ માટેના નવા તકનીકી માર્ગદર્શનમાં તાલીમ આપવામાં આવશે. અદ્યતન ઉપકરણો અને સોફ્ટવેરથી સુસજ્જ આ લેબ દ્વારા વિદ્યાર્થીઓને Swift Programming, Xcode, અને ios ડેવલોપમેન્ટ જેવા મુખ્ય મુદ્દાઓ પર પ્રેક્ટિકલ અનુભવ પ્રાપ્ત થશે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે વિશ્વવિદ્યાલયના વિવિધ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ નવા ઉદ્‌ઘાટિત ios લેબથી વિદ્યાર્થીઓ માટે ટૅકનોલોજી ક્ષેત્રમાં નવા અવસર ઊભા થશે અને તેમના વ્યવસાયિક વિકાસમાં સહાય મળશે.

## કલસ્ટર લેવલ મેગા જોબ ફેરનું આયોજન












ગુજરાત સરકારની રોજગાર કચેરી, સુરત અને તાપી તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે તા. ૧૧/૦૩/૨૦૨૫ના રોજ શ્રીમદ રાજચંદ્ર હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે કલસ્ટર લેવલ મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવેલ હતું. આ મેગા જોબ ફેરમાં એન.સી.એસ. સેન્ટર ફોર એસ.સી./એસ.ટી. સુરત સહયોગી સંસ્થા તરીકે જોડાયેલ હતી. સુરત જિલ્લાની વિવિધ કંપનીઓ તેમજ સંસ્થાઓનાં પ્રતિનિધિઓની હાજરીમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદહસ્તે મેગા જોબ ફેર ઉમેદવારો માટે ખુલ્લો મુકવામાં આવેલ સાથે આ કાર્યક્રમમાં મદદનીશ નિયામક (રોજગાર) કુ. પારુલબેન પટેલ, સંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સન્માનિત સી.એ. શ્રી પ્રકાશ કપોરીયા, ડૉ. અંકિતા મુલાણી, કોમલબેન સાવલિયા, તરુણ મિશ્રા, વિશ્વવિદ્યાલયના પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દર્શન પુરોહિત, નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર ફોર એસ.સી/એસ.ટી. સુરતના ડૉ.અમનદીપસિંગ, રોજગાર કચેરી સુરતના શ્રી બીપીનભાઈ માંગુકીયા અને વિનોદભાઈ મરાઠે ઉપસ્થિત રહ્યાં હતા.

આ મેગા જોબફેરમાં સુરત જિલ્લાની વિવિધ સેકટરની ૩૦ કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં એલ. એન્ડ ટી. ગીન્ઝા ઇન્ડિયા લિ. શાહલોન સિલ્ક મીલ ઇન્ડ લિ., નવજીવન ટ્રક્સ એન્ડ બસીસ, કિરણ મોટર્સ લિમિટેડ, જે.બી.જી.ઓર્ગેનાઇઝેશન પ્રા.લિ. ધ્રુવ મોટર્સ, શ્રી નાથ ગ્રુપ્સ, આઈ.એસ એન્જીનીયર વગેરે પ્રતિષ્ઠિત કંપનીઓ ઉપસ્થિત રહી હતી. જેમાં સ્નાતક અને અનુસ્નાતક, બી.બી.એ., બી.એસસી., એમ.એસસી., બી.સી.એ., એમ.કોમ. એમ.બી.એ., બી.એડ., એમ.એસ.ડબલ્યું, બી.ઈ.ફાર્મસી, આઈ.ટી.આઈ. જેવી લાયકાત ધરાવતા કુલ ૧૦૬૨ ઉમેદવારોનાં ઇન્ટરવ્યું લીધા. જે પૈકી કંપનીઓની ૮૨૮ વેકેન્સી સામે ૬૩૦ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. આ પસંદગીમાં ૮ લાખ સુધીના વાર્ષિક

પેકેજની ઓફર કરવામાં આવી. કંપનીઓ ટૅકનીકલ અને અનુભવી જગ્યાઓ માટે પસંદગી પામેલ ઉમેદવારોને બીજા તબક્કાના ઇન્ટરવ્યું માટે કંપની ખાતે બોલાવશે. આ ઉપરાંત આગામી દિવસો દરમ્યાન રોજગાર કચેરી, સુરત દ્વારા વિશ્વવિદ્યાલયના સહયોગમાં ભરતી મેળા પૂર્વે વિવિધ વિષયે રોજગારલક્ષી માર્ગદર્શન અને તાલીમ/સ્કિલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન થનાર છે. સમગ્ર કાર્યક્રમનું સંકલન વિશ્વવિદ્યાલય અને રોજગાર કચેરી, સુરત/તાપીની પ્લેસમેન્ટ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા–૨૦૨૫'નું આયોજન








શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઝોનલ કક્ષા 'ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા–૨૦૨૫'નું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક આયોજન થયું. આ સ્પર્ધામાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાની કૉલેજમાંથી અને વિવિધ વિશ્વવિદ્યાલયોના કુલ ૧૧૧ વિજેતા બનેલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાંથી ત્રણ વિજેતાઓને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ૧૨ તજજ્ઞ નિર્ણાયકો દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં શહેરના જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ, સમાજસેવી અને પ્રેરક વકતા શ્રી પ્રકાશ કપુરીયાજીએ મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહી સ્પર્ધકોને માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ ઉપરાંત હાલમાં જ મુખ્યમંત્રીશ્રી દ્વારા સંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સન્માનિત ડૉ. અંકિતા મુલાની, શ્રીમતી કોમલબેન સાવલિયા અને શ્રી તરુણ મિશ્રા પણ આ કાર્યક્રમનાં નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

સ્પર્ધામાં સ્પર્ધકોએ અલગ અલગ પાંચ વિષયોમાંથી પોતાની પસંદગીના વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા જેમાં ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ, સંવિધાન@75, યુવાનોઃ દેશનું ભવિષ્ય–વિકૃતિઓથી બચીને સંસ્કારો તરફ વળીએ, માન મર્યાદા અને સુશીલતાઃ ભારતીય સંસ્કૃતિનો પાયો, વિકસિત ભારતઃ૨૦૪૭, ભવ્ય ભારત–દિવ્ય ભારત જેવા વિષયો હતા. જેમાં પ્રથમ ક્રમે જે.બી.ધારુકાવાળા આર્ટસ કૉલેજની વિદ્યાર્થીની મોરડીયા નેન્સી, બીજા ક્રમે સી.પી.પટેલ કૉલેજ રાજપીપળાનો વિદ્યાર્થી સોલંકી અભિષેક અને ત્રીજા ક્રમે એમ.ટી.બી.આર્ટસ કૉલેજ સુરતની જોશુઆ માર્ટિન વિજેતા ઘોષિત થયા હતા. આ ત્રણેય સ્પર્ધકો રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વીર નર્મદ વિશ્વવિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરશે. આ સ્પર્ધકોને કુલગુરુશ્રી કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ વિજેતા પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા અને આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડૉ. શ્રીધર નિમાવત દ્વારા અને સંચાલન ડૉ. જીતેન્દ્રસિંહ પરમારની આગેવાનીમાં સંપન્ન થયું હતું.

## વિકસિત ભારત જિલ્લાકીય યુવા સંસદ–૨૦૨૫









મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ, DFI ભારત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા સંયુક્ત ઉપક્રમે સુરત ખાતે તારીખ ૧૭ અને ૧૮ માર્ચ, ૨૦૨૫ના રોજ 'Vikshit Bharat District Youth Parliament 2025'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુવા નેતૃત્વ અને રાષ્ટ્રના વિકાસમાં તેમના યોગદાન વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે યુવાનો માટે પ્રેરણાત્મક ઉદ્દબોધન આપ્યું. સાથે સાથે વિશિષ્ટ મહેમાનોમાં શ્રી નંદકિશોર શર્મા, શ્રી સચિન શર્મા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, ડૉ. એસ.એસ.રાવ, ડૉ. મનિષા પાનવાલા, વનિતા રાવત અન જયેશ ગાંધી ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની શરૂઆતમાં કુલસચિવ અને કુલપતિશ્રીએ વિશિષ્ટ મહેમાનો અને વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું અને 'વિકસિત ભારત' વિઝન અંતર્ગત યુવાનોના નેતૃત્વ અને ઘડતર પર પ્રકાશ પાડયો.

શ્રી નંદકિશોર શર્માએ આતંકવાદ, નકસલવાદ, જાતિવાદ, અસ્પૃશ્યતા, આત્મહત્યા, અને તલાક જેવી ગંભીર સમસ્યાઓ પર ચિંતા વ્યકત કરી. તેમણે યુવા જાગૃતિ પર ભાર મૂકયો અને ઉપસ્થિત યુવાનોને દેશની પ્રગતિ માટે જવાબદારી સ્વીકારવા પ્રેરિત કર્યા.

આ સ્પર્ધામાં "One Nation One Election" વિષય પર ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તા. ૧૮/૩/૨૦૨૫ના રોજ આ સ્પર્ધામાં 'સુપર ૧૦' વિદ્યાર્થીઓ આયુષી બોરડિયા, દર્શિત કાંતિભાઈ કોરાટ, શ્રેય ગણેશ શેડગે, જોશુઆ માર્ટિન, ધ્વનિ જયેશભાઈ જરીવાલા, પાયલકુંવર શ્યામસિંહ રાજપુરોહિત, વિશાખા પારીક, હર્ષિત કાબરા, સોનાલી રાઠોડ, પ્રિયલ બંસલ સ્ટેટ લેવલ માટે પસંદ કરાયા છે. જે આગામી સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે. આ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, નેતૃત્વ ક્ષમતાઓ અને રાષ્ટ્રીય વિકાસ માટે જવાબદારીની ભાવના પ્રેરિત થઈ.

કાર્યક્રમના અંતમાં નોડલ ઓફિસર ડૉ. દિપેશ પટેલ દ્વારા આભારવિધિ પૂર્ણ કરવામાં આવી, જ્યારે ડૉ. શ્રીધર નિમાવત દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

## ગાય આધારિત ખેતીઃ ચર્ચા સભા–૨૦૨૫નું સફળ આયોજન











વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે 'ગૌ આધારિત ખેતી – ચર્ચા સભા ૨૦૨૫'નું સફળ આયોજન કરવામાં આવ્યું. જેમાં કુદરતી ખેતી, વન હેલ્થ (One Health) અને ટકાઉ વિકાસ (Sustainable Development) જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના NSS વિભાગ દ્વારા આયોજિત હતો અને KCG (Knowledge Consortium of Gujarat) અને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંયુક્ત રીતે પ્રાયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૧૦૦થી વધુ NSS સંયોજકો, પ્રાધ્યાપકો, NSS સ્વયંસેવકો, પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ નિષ્ણાંતો અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા વિદ્વાનો ઉપસ્થિત રહ્યા.

ઉદ્‌ઘાટન સત્રમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલપતિશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને ડૉ. કે.સી. ટીમ્બડીયા (કુલપતિશ્રી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ વિશ્વવિદ્યાલય, હાલોલ)એ One Health અને ટકાઉ કૃષિ વિકાસમાં NSSની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત વિશ્વવિદ્યાલય દ્વારા સ્થાપિત, 'કામધેનુ ચેર'નો લોગો લોન્ચ કરવામાં આવ્યો, જે ગૌ આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની એક મહત્વપૂર્ણ પહેલ છે.

તકનીકી સત્રમાં વિવિધ વિશેષજ્ઞોએ કૃષિ પર્યાવરણ અને One Healthની વિવિધ પાસાઓ પર પ્રકાશ નાખ્યો. ડૉ. કે.સી.ટીમ્બડિયાએ 'જૈવિક ખેતી અને પર્યાવરણ સંરક્ષણ', કુ. અવની જોષી (Ecopreneur, Nature Shrine Inc.)એ કૃષિ અને પર્યાવરણ માટે નવીન ઉકેલો', શ્રી એન.જી.ગામીત (Deputy Directore, Agriculture, Bardoli)એ 'જૈવિક ખેતી અને કૃષિ વિકાસ, શ્રી કલ્પેશકુમાર પટેલ (Gujarat Prant Gram Vikas Gatividhi, Bharuch)એ ગ્રામ્ય વિકાસ અને કુદરતી ખેતી, અને ડૉ. પ્રવિણ દુધાગરા (Bioscience Dept.,VNSGU)એ 'Natural Farming for Sustainable Development and One Health' વિષય પર વ્યાખ્યાન આપ્યું. ઉપરાંત, પ્રગતિશીલ ખેડૂત શ્રી કિશોરભાઈ પટેલ (પલસાણા) અને શ્રી મહેશભાઈ પટેલ (ઓલપાડ)એ કુદરતી ખેતીના ફાયદા અને તેમના અનુભવો રજૂ કર્યા હતા.

આગામી NSS કાર્યક્રમોમાં 'One Health Villages' અને 'Zero Budget Farming Training Camps' જેવી યોજનાઓને પ્રોત્સાહન આપીને આ NSS એકમોનો વધુ અસરકારક બનાવવામાં આવશે. 'One Health Villages' હેઠળ NSS દ્વારા આરોગ્ય અને સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે, જેમાં માનવ અને પશુ આરોગ્ય વચ્ચેના સંબંધને સમજીને કાર્યક્રમો આયોજિત થશે. 'Zero Budget Farming Training Camps' NSS દ્વારા વિવિધ કૉલેજોમાં ખેડૂતો માટે તાલીમ શિબિરો શરૂ કરવામાં આવશે, જેથી NSS સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ કુદરતી ખેતી પદ્ધતિઓ શીખી શકે. આ યોજનાઓ NSSને વાસ્તવિક પરિવર્તન લાવતી ચળવળ તરીકે આગળ લઈ જશે. આ યશસ્વી કાર્યક્રમના મુખ્ય આયોજકો NSS વિભાગના ડૉ. શ્રીધર નિમાવત (NSS Coordinator), ડૉ. દીપેશ ઝા (MRS Department) અને ડૉ. પ્રવિણ દુધાગરા (Bioscience Deptartment) હતા.

આ કાર્યક્રમ KCG (Knowledge Consortium of Gujarat) અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાયોજિત હતો. આ સમગ્ર પ્રવૃત્તિ NSSને એક નવી દિશા આપશે અને NSSને જાગૃતિ પ્રવૃત્તિઓથી આગળ લઈ જઈને જૈવિક ખેતી, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ માટે NSSને એક પ્રેરકબળ તરીકે કાર્ય કરશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૬૭મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ









વિશ્વવિદ્યાલય એસ.સી.સેલ દ્વારા તારીખ ૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૬૭મી પુણ્યતિથિ નિમિત્તે વિશ્વવિદ્યાલય ઓથોરિટી હૉલમાં એક ગૌરવપૂર્ણ પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સવારે ૧૧:૦૦ કલાકે કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યોજાયો હતો, જેમાં વિશ્વવિદ્યાલયના ૧૦૦ જેટલા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં કુલપતિશ્રીએ બાબાસાહેબ આંબેડકરના જીવન અને કાર્યો પર પ્રકાશ પાડી આવનાર યુથ ફેસ્ટિવલમાં બાબાસાહેબ આંબેડકરની થીમ રાખવામાં આવી હોવાની માહિતી આપી વિદ્યાર્થીઓને આ અંગે વિવિધ કૃતિઓ રજૂ કરવા પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત અધ્યાપકોને આહવાન કર્યું હતું , તેમજ બાબાસાહેબના વિચારો અને બંધારણનાં મૂલ્યો વધુ ને વધુ લોકો સુધી પહોંચે તે માટે સંશોધન કરવા, પ્રકાશન કરવા તથા રીલ અને વિડીયો બનાવવા જેવી આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં ડૉ. બાબાસાહેબના જીવન સંઘર્ષ અને તેમના દ્વારા સમાજમાં કરવામાં આવેલ મહાન સુધારા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તથા બંધારણના ડ્રાફિટંગ જેવું મહત્ત્વનું, મુશ્કેલ વિદ્વતાપૂર્ણ યોગદાન આપવા બદલ બાબાસાહેબ યાદ કરી કોલંબિયા વિશ્વવિદ્યાલય સહિત દેશ વિદેશમાં બાબાસાહેબને મળતા માન સન્માનને યાદ કરી બાબાસાહેબને શાબ્દિક શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

એસ.સી.સ્ટેન્ડિંગ કમિટીના સભ્યશ્રી ડૉ. કિશોર ચીખલીયાએ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના પ્રગતિશીલ વિચારો અને દીર્ઘ દૃષ્ટિ પર ભાર મૂકયો. તેમણે ભારતમાં આરબીઆઈની સ્થાપનામાં ડૉ. આંબેડકરની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અને બંધારણ ઘડતરમાં તેમનું યોગદાન જેવા મુખ્ય મુદ્દાઓની સવિસ્તર છણાવટ કરી. ડ્રાફિટંગ કમિટી સભ્ય તરીકે ડૉ. આંબેડકરની ભૂમિકા તેમણે ખૂબ જ સુંદર રીતે વર્ણવી શ્રોતાઓ સમક્ષ પોતાની વાત રજૂ કરી હતી.

એસ.સી.સ્ટેન્ડિંગ કમિટીના સભ્યશ્રી ડૉ. હીનાબેન મકવાણાએ પોતાના વકતવ્યમાં મહાપરિનિર્વાણનો અર્થ સમજાવતા જણાવ્યું હતું કે, 'મહાપરિનિર્વાણ' આ સંસ્કૃત શબ્દ, ઊંડો દાર્શનિક અને આધ્યાત્મિક અર્થ ધરાવે છે. તે મૃત્યુ પછી પ્રાપ્ત થયેલ નિર્વાણ અથવા મૃત્યુ પછીની મુક્તિની અંતિમ સ્થિતિ દર્શાવે છે. બૌદ્ધ પરંપરામાં, તે દુઃખની સંપૂર્ણ સમાપ્તિ અને પુનર્જન્મના ચક્રમાંથી મુક્તિનો સંદર્ભ આપે છે. બાબાસાહેબના યોગદાનના સંદર્ભે આ શબ્દ એટલા માટે વધુ યથાયોગ્ય છે. કારણકે તે પીડિતોના ઉદ્ધાર અને સામાજિક ન્યાય માટે સમર્પિત હતા. માટે ડૉ. આંબેડકરના સન્દર્ભે મહાપરિનિર્વાણ એ યથોચિત શ્રદ્ધાંજલિ છે. ડૉ. આંબેડકરનું વિઝન આજે પણ ખૂબ જ સુસંગત છે. તેમણે વાત કરી કે અસમાનતા અને અન્યાયથી ઝઝૂમી રહેલી દુનિયામાં, સામાજિક ન્યાય અને સશક્તિકરણનો તેમનો સંદેશ સતત ગુંજતો રહે છે. તેમણે ભારતીય બંધારણના મુસદ્દામાં બી.આર.આંબેડકરની ભૂમિકા વિશે વાત કરી. રાષ્ટ્રના મુખ્ય કાયદા તરીકે બંધારણ, ભારતમાં રહેતા તમામ લોકો માટે હોવાનું જણાવી તેમણે પ્રસ્તાવનામાં 'બંધુત્વ' શબ્દ વિશે પણ વાત કરી હતી. તેમણે બાબાસાહેબના મહિલાઓ માટેના યોગદાન સંદર્ભે વાત કરી હતી. તેના વકતવ્યના અંતમાં તેઓએ બંધારણની પ્રસ્તાવના વાંચી કાર્યક્રમના સહભાગીઓ પાસે તેનું પુનરોચ્ચારણ કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા કાર્યક્રમના અંતે આભાર વિધિ એસ.સી. સ્ટેન્ડિંગ કમિટીના સભ્યશ્રી ડૉ. જાગૃતિ બારોટે કરી હતી.

## Ramabai Bhimrao Ambedkar's Birth Anniversary "Nari Tu Narayani"







Surat, Gujarat – February 7, 2025 – The SC (Scheduled Caste) Cell of Veer Narmad South Gujarat University organized a program titled "Nari Tu Narayani" (Woman, You Are Divine) to commemorate the birth anniversary of Ramabai Bhimrao Ambedkar. The event aimed to inspire women through the life and social contributions of Mata Ramabai, raise awareness about women's health, and promote women's empowerment.

The program took place at the Veer Narmad Auditorium in the university's administrative building at 3:00 PM. The event commenced with the lighting of the ceremonial lamp, followed by a

welcome address by the Acting Registrar, Dr. Narendra Patel.

Dr. Patel emphasized the importance of women's empowerment and urged the audience to draw inspiration from Ramabai's life. He also commended the SC Cell for their work and encouraged them to organize such programs regularly. The program featured speeches by Dr. Shweta Bhagat, a gynecologist from Florence Hospital; Dr. Jagruti Barot, Assistant Professor in the Department of Biosciences; and Dr. Heena Makwana, Assistant Professor in the Department of Law.

Dr. Makwana provided a comprehensive overview of Mata Ramabai's life and work, highlighting her childhood, education, married life, and social contributions. She particularly emphasized Ramabai's support and sacrifices for Dr. Babasaheb Ambedkar. Dr. Makwana not only provided insights into Ramabai's life but also portrayed the struggles and tribulations of Indian women. She also described how Ramabai's cooperation, support, and dedication to Babasaheb inspired him to formulate laws for women's empowerment. She praised Ramabai's social reform efforts and contributions to women's education, urging the audience to draw inspiration from her life.

Dr. Jagruti Barot spoke on the topic of "Nari Tu Narayani," emphasizing the power and capabilities of women. She encouraged women to become aware of their rights and strive for their rightful place in society. She also motivated women to build selfconfidence and pursue their dreams.

Dr. Shweta Bhagat delivered a detailed presentation on "Cervical Cancer and Women's Health and Wellness." She provided comprehensive information on the causes, symptoms, diagnosis, and prevention of cervical cancer. She also discussed other physical problems and issues faced by women in detail and advised women to have regular health check-ups and adopt a healthy lifestyle. The presentation concluded with an interactive question-and-answer session, giving the audience an opportunity to engage with Dr. Bhagat and receive personalized information and address their individual health concerns. Overall, the presentation aimed to raise awareness, empower women to take control of their health through regular checkups and healthy choices, and provide a supportive platform for addressing women's health issues.


Approximately 125 women employees participated in the program. The entire event was moderated by Dr. Naimishaben Vankawala of the Law Department.

## અંગદાન જાગૃતિમાં ઉત્કૃષ્ટ સેવાઓ બદલ શૈક્ષણિક કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ગર્વ અનુભવી રહી છે કે ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી શંકર ચૌધરી દ્વારા શ્રી દિલીપ દેશમુખ (દાદા) અને અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સેવકોને શાલ અને મેમેન્ટો વડે સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓએ અંગદાન અંગે જાગૃતિ ફેલાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. જેમાં વીર નર્મદ દક્ષિણ

ગુજરાત વિશ્વવિદ્યાલયના શ્રી અંકિતકુમાર એમ. ચાંગાવાલા (સહાયક પ્રોફેસર અને સંયોજક, ફાઈન આર્ટ્સ વિભાગ) અને શ્રી માનસી ચાંદિવાલા (ટી.ટી.એ., ફાઈન આર્ટ્સ, વિભાગ)ને આ મહાન કાર્યમાં સહયોગ અને યોગદાન માટે આમંત્રણ મળ્યું અને સન્માનિત કરવામાં આવ્યા.

"આ પ્રસંગે માનનીય મંત્રીશ્રીઓ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા (આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ) અને શ્રી ઋષિકેશ પટેલ (આરોગ્ય, કુંટુંબ કલ્યાણ અને મેડિકલ શિક્ષણ) તથા વિધાનસભાના અન્ય સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા". આ પહેલ અંગદાનની મહત્ત્વતા તથા સમાજમાં સકારાત્મક બદલાવ લાવવા માટે જરૂરી સામૂહિક પ્રયાસોને ઉજાગર કરે છે. અંગદાન જાગૃતિ અભિયાનના આ યશસ્વી પંથમાં સહયોગી દરેક વ્યકિત અને સંસ્થાઓના અવિસ્મરણીય યોગદાનને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય હૃદયપૂર્વક નમન કરે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને ડૉ. આર.સી. ગઢવી દ્વારા તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ વિભાગ

### જુનિયર રિસર્ચ ફેલોશીપમાં સિદ્ધિ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ'માં એમ.એ. ઇન હિન્દુ સ્ટડીઝ સેમેસ્ટર–૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પિપલીયા ચિંતક રમેશભાઈએ ડિસેમ્બર ૨૦૨૪માં લેવાયેલ UGC NET HINDU STUDIES પરીક્ષામાં કુલ ૩૦૦ માંથી ૨૨૨ માર્કસ મેળવી JRF (જુનિયર રિસર્ચ ફેલોશીપ)માં ઉર્તીણ થયા છે. સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ વિભાગના પ્રાધ્યાપકોના શ્રેષ્ઠ માર્ગદર્શન હેઠળ સખત મહેનત કરીને આ સિદ્ધિ પ્રાપ્ત કરીને તેઓએ 'વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય' તેમજ 'સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ'નું નામ રોશન કર્યુ છે. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સેન્ટર કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. પરેશ જોશી તથા પ્રાધ્યાપકો શ્રીમતી ડૉ. ધૃતિ ત્રિવેદી તથા શ્રી લલિતકુમાર કાછડીયાએ તેઓને અભિનંદન પાઠવ્યા હતા. વિશ્વવિદ્યાલયના અન્ય વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે આ સિદ્ધિ પ્રેરણાદાયક બની રહેશે અને આ સફળતા ભવિષ્યમાં હિન્દુ સ્ટડીઝના ક્ષેત્રમાં વધુ સંશોધન માટે પ્રોત્સહન આપશે.

## Department of Economics

### આંતરરાષ્ટ્રીય ખો–ખો ટૂર્નામેન્ટમાં ભાગ લઈ તેમની ટીમને વિશ્વ ચેમ્પિયન બનાવી






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતી અને ડાંગ જિલ્લાના બીલીઆંબા ગામની નિવાસી ઓપીનાબેન દેવજીભાઈ ભીલાર આંતરરાષ્ટ્રીય ખો–ખો ટૂર્નામેન્ટમાં ભાગ લઈ તેમની ટીમને વિશ્વ ચેમ્પિયન બનાવવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી, તે ગૌરવની વાત છે. તે માત્ર તેમના માટે જ નહીં પણ સમગ્ર દેશ માટે પણ ગર્વની બાબત છે. તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું નામ રોશન કર્યુ છે.

આ સફળતા માત્ર ઓપીનાબેન માટે જ નહીં, પરંતુ સમગ્ર ડાંગ જિલ્લાનું ગૌરવ છે. તેમની આ સિદ્ધિએ ગામ અને સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ ભૂમિકા ભજવી છે. ઓપીનાબેનની રમતગમત પ્રત્યેની નિષ્ઠા અને મહેનત યુવા ખેલાડીઓ માટે દિશાસૂચક સાબિત થશે. ઓપીનાબેન કુટુંબના ૬ સભ્યો સાથે રહે છે. તેમના પિતાશ્રી દેવજીભાઈ ભીલાર ખેતી કરતા હોય, માતાશ્રી મીલાબેન ગૃહિણી છે. તેમનો ભાઈ શિક્ષક સહાયક છે, અને બહેન ઇલેકિટ્રકલ એન્જિનિયર તરીકે કારકિર્દી બનાવી રહ્યા છે. આ સાથે જ ૮૬ વર્ષીય દાદીમાનું આર્શીવાદભયો સાથ તેમને પ્રેરણા પૂરું પાડે છે. ૫૭૮ની વસ્તી ધરાવતા નાનકડા ગામમાંથી એક આંતરરાષ્ટ્રીય સ્તરે વિજય પ્રાપ્ત કરનાર ખેલાડી ગામ બીલીઆંબાની ઓપીનાબેનની આ સિદ્ધિ નવી પેઢી માટે ઉદ્દીપક છે. ગામના સરપંચ વસનજીભાઈ અને ગ્રામજનોએ તેમના વિજય માટે હર્ષ વ્યકત કરી ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા , કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇ.ચા. નિયામક ડૉ. યોગેશ વાંસિયા તથા વિશ્વવિદ્યાલય પરિવાર વતી તેઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી તથા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવા આશીર્વચન પાઠવવામાં આવ્યા.

## વિદાય સમારંભ અને વાર્ષિક ઉત્સવનું આયોજન








તા. ૨૩/૩/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિદાય સમારંભ અને વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ-પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિ તથા વિભાગીય અધ્યક્ષ અને અર્થશાસ્ત્ર વિભાગના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનું સન્માન પુસ્તક અને પુષ્પ વડે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રસ્તુત અવસરે પધારેલ મુખ્ય અતિથિ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં વિદાય મેળવી રહેલ વિદ્યાર્થીઓને પ્રસ્તુત અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પણ અભ્યાસ ચાલુ રાખવા અને કારકિર્દીમાં સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમને આગળ વધારતા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હોઈ, તેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ભેટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે એમ.એ.સેમેસ્ટર-૨માં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ દ્વારા સૌનું મનોરંજન કરવા નૃત્ય અને સંગીતની કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ એમ.એ. સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ૨ વર્ષના અભ્યાસ દરમિયાન વિશ્વવિદ્યાલય અને વિભાગમાં થયેલા અનુભવો વ્યકત કર્યા હતા. પ્રસ્તુત અવસરે વિભાગના અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા પણ વિદ્યાર્થીઓનું પ્રોત્સહન વધારવા વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું અને આગળની કારકિર્દી ઉજ્જવળ બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન એમ.એ.સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અવસરે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા એમ.એ.સેમેસ્ટર-૪નાં વિદ્યાર્થીઓ માટે સફળ કારકિર્દી અંગે શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યો હતો.

## Department of Gujarati

### શ્રૃણ્વન્તુ શ્રેણીનું સાતમું વ્યાખ્યાન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની સ્થાપનાના સાઠ વર્ષ નિમિત્તે ખાસ યોજવામાં આવેલ શ્રૃણ્વન્તુ શ્રેણીનું સાતમું વ્યાખ્યાન તા. ૧૨/૩/૨૦૨૫ના રોજ યોજવામાં આવ્યું હતું. ૧૯૦૫માં સ્થાપવામાં આવેલ ગુજરાતી સાહિત્ય પરિષદના વર્તમાન પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદી આ શ્રેણીનું સાતમું વ્યાખ્યાન આપવા ઉપસ્થિત રહ્યા. વિષય હતો કાવ્યનો આસ્વાદ.

આરંભે વિભાગ અધ્યક્ષ અને શ્રેણી સંયોજક ડૉ. નરેશ શુકલએ વ્યાખ્યાનની ભૂમિકા બાંધી આપવા સાથે વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની સાહિત્ય સમજમાં વધારો થાય, સાહિત્ય અને કળાઓના સંબંધને સમજે, કૃતિઓના આસ્વાદવા માટેના વિવિધ દૃષ્ટિકોણને સમજતા થાય તે માટે આ વ્યાખ્યાન

શ્રેણીનું આયોજન કરવામાં આવતું હોવાનું જણાવ્યું સાથોસાથ આ પૂર્વે થયેલ વ્યાખ્યાનોની માહિતી આપીને શ્રેણીના સાતમાં મણકાનો શુભારંભ કર્યો હતો.

જાણીતા કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, સંપાદક અને પ્રમુખ એવા શ્રી હર્ષદ ત્રિવેદીએ લોકગીતથી આરંભીને ગીત, સૉનેટ, ગઝલ, દીર્ઘ કવિતાથી માંડી હાઈકુ જેવા કાવ્યસ્વરૂપોનો આછો પરિચય આપવા સાથે એના આસ્વાદ માટેના ઓજારોનો પરિચય કરાવ્યો હતો. સંવેદનોની ગૂંથણી નાજૂક હોય છે, લક્ષણા અને વ્યંજના ઉપરાંત કાકુઓના ઉપયોગ કઈ રીતે અર્થચ્છાંયાઓ ઉઘડતી જતી હોય છે તે વિગતે ઉદાહરણો આપીને સમજાવ્યું હતું. કવિતાએ ખાલી વર્ણન નથી, કવિતાએ ખાલી વિચાર વ્યકત કરીને અટકી જતું સ્વરૂપ નથી. એમાં અર્થગર્ભ ક્ષણો સમાયેલી હોય છે. કવિની વિશિષ્ટ એવી પ્રજ્ઞાનું પરિણામ હોય છે. એટલે એને સમજવા માટે ખાસ્સી સજ્જતાની આવશ્યકતા રહે છે. સાથોસાથ ભાષાનાં વિવિધ આયામો, સામાજિક સંદર્ભો, કવિ દ્વારા નવ નિર્મિત થયેલ અર્થચ્છાંયાઓને સમજવા માટેના ઈંગિતો પકડવાની ભાવકસજ્જતા કવિતાને ખાસ બનાવે છે.-તેની મર્મભરી વાત હર્ષદ ત્રિવેદી દ્વારા રજૂ કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન ડૉ. હેતલ ચૌધરી દ્વારા, મહેમાનો પરિચય ડૉ. આરતી પંચાલે અને આભારવિધિ ડૉ. સોનલ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## શ્રૃણવન્તુ શ્રેણીનું આઠમું વ્યાખ્યાન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની સ્થાપનાના આઠ વર્ષ નિમિત્તે ખાસ યોજવામાં આવેલ શ્રૃણવન્તુ શ્રેણીનું આઠમું વ્યાખ્યાન તા. ૧૨/૩/૨૦૨૫ના રોજ યોજવામાં આવ્યું હતું. 'મીરા યાજ્ઞિકની ડાયરી', 'અખેપાતર' જેવી નવલકથાઓ અને 'બાંધણી' જેવા વાર્તાસંગ્રહનાં લેખિકા સુશ્રી ડૉ. બિન્દુ ભટ્ટ આ શ્રેણીનું આઠમું વ્યાખ્યાન આપવા ઉપસ્થિત હતા. વિષય હતો ૨૦૨૪ના બુકર પ્રાઈઝ વિનર લેખિકા ગીતાંજલિશ્રીની નવલકથા 'માઇ'.

આરંભે વિભાગના અધ્યક્ષ અને શ્રેણી સંયોજક ડૉ. નરેશ શુકલએ વ્યાખ્યાનની ભૂમિકા બાંધી આપવા સાથે વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની સાહિત્ય સમજમાં વધારો થાય, સાહિત્ય અને કળાઓના સંબંધને સમજે, કૃતિઓને આસ્વાદવા માટે વિવિધ દૃષ્ટિકોણને સમજતાં થાય તે માટે આ વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવતું હોવાનું જણાવ્યું. સાથોસાથ આ પૂર્વે થયેલ વ્યાખ્યાનોની માહિતી આપીને શ્રેણીના આઠમાં મણકાનો શુભારંભ કર્યો હતો.

બિન્દુ ભટ્ટે આરંભે હિન્દી ભાષામાં લખતાં ગીતાંજલિ શ્રીના જીવન વિશે, એમના ઉછેર અને એમનાં ક્રાંતિકારી સ્વભાવનો વિગતે પરિચય આપ્યા પછી એમના દ્વારા સર્જવામાં આવેલ નવલકથાઓનો વિગતે પરિચય કરાવ્યો. ત્યારબાદ 'માઈ' નવલકથા પર પોતાના વ્યાખ્યાનને કેન્દ્રીત કર્યુ હતું. એમાં આલેખવામાં આવેલ વૃદ્ધા એવી માના વૈવિધ્યસભર રૂપો, કુટુંબ અને એના આંતરસંબંધો, આ દ્વારા આકારિત થતું વ્યકિતત્વ ઉભારી આપ્યા પછી એમની 'રેતના પંખી', કૃષ્ણા સોબતીની નવલકથાઓમાં આલેખાયેલા નારીઓ, કેટલીક ગુજરાતી નવલકથાઓમાં આલેખાયેલા નારી ચરિત્રો સાથેની તુલના કરતા કરતા ભારતીય નારી-છબીનું પશ્ચિમના નારીવાદથી અલગ પડતું કેવું વિશિષ્ટ રૂપ ભારતીય સંદર્ભમાં ઘડાયું છે. એનો એક આખો ગ્રાફ આકારિત કરી આપતું વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. કાર્યક્રમનું સંચાલન ડૉ. હેતલ ચૌધરી દ્વારા, મહેમાનનો પરિચય ડૉ. આરતી પંચાલે અને આભારવિધિ ડૉ. સોનલ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## Department of Physics

### પીએચ.ડી.



પૃથ્વીસિંહ રાજેશસિંહ પરમાર દ્વારા રજૂ કરવામાં આવેલ રીસર્ચ વર્ક 'Structural & Optoelecronic Properties of 2D Platinum-Based Chalcogenides: A Density Functional Approach'ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે માન્ય રાખી પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. આ સંશોધન કાર્ય તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ભૌતિક શાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પંકજસિંહ બી. ઠાકોરના માર્ગદર્શન હેઠળ કર્યુ છે. જે બદલ માર્ગદર્શક ડૉ. પંકજસિંહ બી. ઠાકોર તથા ભૌતિકશાસ્ત્ર વિભાગે તેમને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

### પીએચ.ડી.



ખેંગાર સિધ્ધરાજસિંહ જયદિપસિંહ દ્વારા રજૂ કરવામાં આવેલ રીસર્ચ વર્ક "A Computational Study of 2D Indium-Based Chalcogenides: First Principles Calculations"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે માન્ય રાખી પી.એચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. આ સંશોધન કાર્ય તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પંકજસિંહ બી. ઠાકોરના માર્ગદર્શન હેઠળ કર્યુ છે. જે બદલ માર્ગદર્શક ડૉ. પંકજસિંહ બી. ઠાકોર તથા ભૌતિકશાસ્ત્ર વિભાગે તેમને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

## Department of Education

### 'સ્ત્રીઃ આજ અને આવતીકાલ' વિષય પર એક દિવસીય સેમિનાર








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વુમન ડેવલોપમેન્ટ સેલ (WDC) દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ તા. ૦૮/૦૨/૨૦૨૫ શનિવારના રોજ બપોરે ૩:૦૦ થી ૪:૦૦ દરમિયાન 'સ્ત્રીઃ આજ અને આવતીકાલ' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના શિક્ષણ વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા શ્રીમતી પ્રજ્ઞાબેન વશી, વુમન ડેવલોપમેન્ટ સેલ (WDC)ના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. કીર્તિબેન ઠાકર, વુમન ડેવલોપમેન્ટ સેલના સભ્યશ્રીઓ ડૉ. કૈલાસબેન પટેલ, ડૉ. દિલીપ જોશી, ડૉ. પ્રિતી શર્મા, ડૉ. કૌશલ પટેલ, ડૉ. રેખાબેન ગઢવી, ડૉ. પારૂલ પટેલ, શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પટેલ, શિક્ષણ વિભાગના અધ્યાપકો ડૉ. પ્રીતિ ચૌધરી, ડૉ. અમિત માલી, ડૉ. ભાવેશ મોદી, શોધ સ્કોલર્સ તથા પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓમકરનાદ થકી કાર્યક્રમની શરૂઆત થઈ. વુમન ડેવલોપમેન્ટ સેલના કૉ–ઓર્ડિનેટર તેમજ શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. કીર્તિબેન ઠાકર દ્વારા ઉપસ્થિત મહેમાનના શાબ્દિક આવકાર તેમજ પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. શિક્ષણ વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. પ્રીતિબેન ચૌધરી દ્વારા ઉપસ્થિત મહેમાન શ્રીમતી પ્રજ્ઞાબેન વશીનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારપછી ઉપસ્થિત વકતા શ્રીમતી પ્રજ્ઞાબેન વશીનું વકતવ્ય શરૂ થયું. તેમણે પોતાના વકતવ્યમાં સ્ત્રી પુરુષનું એક જ સિક્કાની બે બાજુ તરીકે વર્ણન કર્યું. વધુમાં વિદેશમાં સ્ત્રીઓના સન્માનની વાત, સમાજમાં અંધવિશ્વાસનો પ્રભાવ, ફાયદાના ગણિતનો સ્ત્રીઓના શિક્ષણ પર પ્રભાવ તથા અનેક સામાજિક અને પ્રવર્તમાન ઉદાહરણો દ્વારા પ્રસ્તુત વિષયને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો. અંતમાં પોતાના વકતવ્યમાં ઉપસ્થિત સૌ કોઈને તેમણે પ્રારબ્ધ પરનો વિશ્વાસ છોડી મહેનત, કર્મ અને વિશ્વાસ પર ભાર મૂકવા માટે જણાવ્યું. અંતે વુમન ડેવલોપમેન્ટ સેલના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. કીર્તિબેન ઠાકર દ્વારા આભારવિધિ થકી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણ વિભાગના પ્રશિક્ષણાર્થીઓ જયદિપ સવનિયા અને ભાવિક ટંડેલ દ્વારા તથા ફોટોગ્રાફી પ્રશિક્ષણાર્થી નીરજ ચૌધરી દ્વારા થયું હતું.

### વિશ્વવિદ્યાલયના સ્થાપનાના ૬૦ વર્ષની ઉજવણી નિમિત્તે ભૂતપૂર્વ ડીનશ્રીઓની વ્યાખ્યાનમાળાનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની સ્થાપનાના ૬૦ વર્ષની ઉજવણી નિમિત્તે શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૮/૦૩/૨૦૨૫ થી ૨૦/૦૩/૨૦૨૫ દરમિયાન ભૂતપૂર્વ ડીનશ્રીઓની વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું

વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસે એટલે કે, તા. ૧૮/૦૩/૨૦૨૫ના આ વ્યાખ્યાનમાળાનાં અધ્યક્ષ સ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ ભાવી વ્યવસાયિકોએ સમાજમાંથી શું મળ્યું? તે કરતાં શું આપીશું? તે બાબતે ચિંતન કરવા આહ્વાન કર્યું હતું. અતિથિ વિશેષ તરીકે કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આજ રોજના મુખ્ય વકતા

ભૂતપૂર્વ ડીનશ્રી ડૉ. વિનોદ જી. પટેલ હતા. અધ્યક્ષશ્રી ડૉ. રાજેન્દ્ર પટેલ દ્વારા તેમનો શાબ્દિક, પુષ્પગુચ્છ અને પુસ્તકથી સ્વાગત કર્યા બાદ વિભાગના એસો.પ્રોફેસર ડૉ. પ્રીતિ ચૌધરી દ્વારા ઉપસ્થિત તજજ્ઞશ્રીઓ પરિચય આપવામાં આવ્યો હતો. આમંત્રિત તજજ્ઞશ્રી દ્વારા વૈશ્વિક ચેતનામાં સંવાદિતા (Cosmic Harmony in the Universe) વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ વકતવ્યમાં તેમણે માણસમાં પડેલી અનંત શકયતાઓ અંગેની વાત કરી હતી. આ ઉપરાંત ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તેમજ મનોવિજ્ઞાનમાં ચેતસિક સંવાદિતા જેવા પેટા વિષયો દ્વારા સમજાવ્યું હતું કે આ દુનિયામાં કશું આકસ્મિક રીતે બનતું નથી અને યોગાનુયોગ બનતી ઘટનાઓ પણ આપણે માનીએ છીએ તેવી સાવ પૃથક હોતી નથી. કાર્યક્રમની આભારવિધિ સંસ્થાના આસિ.પ્રોફેસર ડૉ. અમિત માલી દ્વારા કરવામાં આવી હતી.

વ્યાખ્યાનમાળાના બીજા દિવસે એટલે કે તારીખ ૧૯/૦૩/૨૦૨૫ના દિવસે તજજ્ઞ તરીકે શિક્ષણ વિદ્યાશાખાના ભૂતપૂર્વ ડીનશ્રીઓ ડૉ. કિશોર આર. નાયક હતા. વિભાગના અધ્યક્ષશ્રી દ્વારા શાબ્દિક, પુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા સ્વાગત બાદ સંસ્થાના પ્રોફેસર ડૉ. કીર્તિ ઠાકર દ્વારા ઉપસ્થિત તજજ્ઞશ્રીનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તજજ્ઞશ્રી દ્વારા 'અભિવ્યકિત પૂર્વેની અપેક્ષિત ચિંતનની શ્રૃંખલા' વિષય અંતર્ગત રજૂઆત કરવામાં આવી હતી. જેમાં તેમણે નિર્ણયનું મહત્ત્વ, નિર્ણાયક નિર્ણય લેવા માટેના પગથિયાં તરીકે અવલોકન, આંકલન, અનુકૂલન અને વર્ણનની વિસ્તૃત રીતે સમજૂતી આપી હતી. આ ઉપરાંત સામાન્ય વ્યકિતથી થતી ભૂલો અને તે ભૂલોથી કેવી રીતે બચી શકાય તે બાબતે ચર્ચા કરી હતી. આ દિવસે આભારવિધિ વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. પ્રીતિ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.

વ્યાખ્યાન માળાના ત્રીજા દિવસે એટલે કે તારીખ ૨૦/૦૩/૨૦૨૫ના દિવસે તજજ્ઞ તરીકે ભૂતપૂર્વ ડીનશ્રી ડૉ. પ્રફુલસિંહ જે રાજ હતા. અધ્યક્ષશ્રી દ્વારા શાબ્દિક પુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા સ્વાગત બાદ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ભાવેશ મોદી દ્વારા તેમનો પરિચય આપવામાં આવ્યો. ઉપસ્થિત તજજ્ઞશ્રી દ્વારા 'ધ્યેયસિદ્ધિ કેવી રીતે?' વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે ધ્યેય અને મહત્ત્વાકાંક્ષા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો. મહાત્મા ગાંધીજી, એ.પી.જે. અબ્દુલ કલામ, સ્વામી વિવેકાનંદ તેમજ અન્ય વ્યવહારું ઉદાહરણો દ્વારા જીવનમાં ધ્યેયના મહત્ત્વ અંગે તેમણે સમજાવ્યું. આ દિવસે વિભાગના પ્રોફેસર ડૉ. કીર્તિ ઠાકર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ સમગ્ર વ્યાખ્યાન માળાનું સંચાલન એમ.એડ્.ના પ્રશિક્ષણાર્થી ખુશબુ ચૌધરી અને ભાવિક ટંડેલે કરી હતી. ભૂતપૂર્વ ડીનશ્રીઓની વ્યાખ્યાનમાળાને સાકાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના શિક્ષણ વિભાગના અધ્યક્ષશ્રી અને પ્રોફેસર ડૉ. રાજેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના કૉ-ઓર્ડિનેટર તરીકે વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અમિતકુમાર માલી અને ડૉ. ભાવેશ મોદીએ જવાબદારી નિભાવી હતી.

## ગોલ્ડ મેડલ મેળવનાર પ્રશિક્ષણાર્થીઓનો સન્માન સમારોહ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની સ્થાપનાના ૬૦ વર્ષની ઉજવણી નિમિત્તે શિક્ષણ વિભાગ દ્વારા એમ.એડ્.માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર પ્રશિક્ષણાર્થીઓના સન્માન સમારોહનું આયોજન તા. ૨૧-૦૩-૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય અતિથિ તરીકે ચિલ્ડ્રન્સ રિસર્ચ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના કુલપતિશ્રી અને શિક્ષણ વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. ટી.એસ.જોશી તથા શિક્ષણ વિભાગના ભૂતપૂર્વ એસોસિએટ પ્રોફેસર ડૉ. રાયસિંગભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના અને દીપ પ્રાગટય બાદ મહેમાનોનું શાબ્દિક અને સ્મૃતિભેટ દ્વારા સ્વાગત શિક્ષણ વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. રાજેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અતિથિઓનો પરિચય વિભાગના એસો.પ્રોફેસર ડૉ. પ્રીતિબેન ચૌધરીએ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૪ સુધીમાં એમ.એડ્.માં ગોલ્ડ મેડલ મેળવનાર ૧૫ પ્રશિક્ષણાર્થીઓનું

મેમેન્ટો તથા પુસ્તકથી સન્માન ઉપસ્થિત બંને કુલપતિશ્રીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગોલ્ડ મેડલિસ્ટોના ઓનરબોર્ડનું અનાવરણ સૌ મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ ગોલ્ડ મેડલિસ્ટોને અભિનંદન પાઠવી શિક્ષણ ક્ષેત્રના ભાવિ વ્યાવસાયિકોને તેમની જવાબદારીઓનું રાષ્ટ્રહિતમાં નિર્વહન કરવાની હાકલ કરી હતી.

ત્યારબાદ ડૉ. ટી.એસ.જોશીએ પોતાના વકતવ્યમાં ગિજુભાઈ બધેકા, કાકાસાહેબ કાલેલકર તથા ગાંધીજીએ રજૂ કરેલી શિક્ષણ સંબંધિત વાતો રજૂ કરી હતી. તેમજ તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ને ટાંકતા કહ્યું કે, વિદ્યાર્થી જ્ઞાનનો સર્જક છે. ઉપભોક્તા નથી. મારી જાદુઈ શાળા નામના પુસ્તકમાં વિદ્યાર્થીકેન્દ્રિ શિક્ષણને કેવી રીતે સાર્થક કરી શકાય તે સંદર્ભે પ્રેરણાદાયી રજૂઆત કરી હતી. પ્રથમ સત્રની આભારવિધિ આસિ. પ્રોફેસર ડૉ. ભાવેશ મોદીએ કરી હતી. કાર્યક્રમના સંચાલન આસિ. પ્રોફેસર ડૉ. અમિત માલીએ કર્યું હતું. ત્યારબાદ બીજા સત્રમાં શિક્ષણ વિભાગના ભૂતપૂર્વ એસો.પ્રોફેસર ડૉ. રાયસિંગભાઈ ચૌધરીનો પરિચય ડૉ. ભાવેશ મોદીએ આપ્યો હતો. ત્યારબાદ ડૉ. રાયસિંગ ચૌધરીએ પોતાના જીવનના તથા વ્યવસાયના બહોળા અનુભવોના આધારે તારવેલા સુખના સરનામાઓની વિશદ છાણવટ રજૂ કરી સહુ કોઈને સાચા સુખ માટે પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત ગોલ્ડમેડલિસ્ટોએ પોતાના અનુભવો રજૂ કરી એમ.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓને ઉત્તમ વ્યવસાયિકો બનવાની પ્રેરણા પુરી પાડી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની પ્રેરણા અને શિક્ષણ વિભાગના અધ્યક્ષશ્રી પ્રો.ડૉ. રાજેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ કૉ–ઓર્ડિનેટર તરીકે વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અમિતકુમાર માલી અને ડૉ. ભાવેશ મોદીએ જવાબદારી નિભાવી હતી.

## Department of Sociology

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીના ઉપક્રમે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગમાં તા. ૮/૩/૨૦૨૫ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ ઉપસ્થિત રહીને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે વિભાગનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક મહિલા કર્મચારીઓનું કુલસચિવશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં કાયદા વિભાગનાં અધ્યાપિકા ડૉ. હિનાબેન મકવાણાએ પોતાના વ્યાખ્યાનમાં મહિલા જીવનમાં કાયદાની ભૂમિકા સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ અનુભા ટ્રસ્ટના સ્થાપક અનુરાધા આગ્રે દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકોના જીવનમાં આવતાં પડકારો અને સફળતા વિષેની અનુભવજન્ય વાત કરી હતી. આ કાર્યક્રમમાં ૮૦ થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા વિભાગના સર્વ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સેમિનારનું સંચાલન ડૉ. મોસમ ત્રિવેદી અને શ્રીમતી પ્રિયંકા પરમારે કર્યું હતું. અંતે આભારવિધિ શ્રીમતી સુરભી ભુવાએ કરી હતી.

## Department of Business and Industrial Management (DBIM)

### 'રોકાણની દુનિયાનો પરિચય'' વિષય પર વેબિનાર




તા. ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ, એનએસઈ એકેડેમી લિમિટેડ, મુંબઈના સહયોગથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ દ્વારા ''રોકાણની દુનિયાનો પરિચય'' વિષય પર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ખાસ કરીને વિશ્વવિદ્યાલયના મહિલા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સંલગ્ન સભ્યોને સમાવીને મહિલાઓના સશક્તિકરણ માટે રચાયેલ હતો.

આ કાર્યક્રમમાં નીચે મુજબના મુદ્દાઓ આવરી લેવાયા હતા.

- રોકાણ માટેના લૉજિકઃ મહિલાઓએ તેમના નાણાકીય આયોજનના મહત્વપૂર્ણ ઘટક તરીકે રોકાણને શા માટે પ્રાથમિકતા આપવી જોઈએ તેના મૂળભૂત કારણોની શોધ કરવી.
- રોકાણના ફાયદાઃ વ્યૂહાત્મક રોકાણના વિવિધ ફાયદાઓ પર પ્રકાશ પાડવો, જેમાં સંપત્તિનો સંચય, નાણાકીય

સુરક્ષા અને લાબાં ગાળાની નાણાકીય સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

- રોકાણના રસ્તાઓઃ મહિલાઓ માટે ઉપલબ્ધ વિવિધ રોકાણ વિકલ્પોની જાણકારી પૂરી પાડવી, જોખમ લેવાની ક્ષમતા અનુસાર રોકાણ કરીને નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કરવા.
- રોકાણ અંગેનું મૂલ્યાંકનઃ રોકાણ અંગેના નિર્ણયો લેતી વખતે મૂલ્યાંકન કરવા માટેના આવશ્યક પરિબળો અને વિચારણાઓની ચર્ચા કરવી, જેમ કે રોકાણમાં જોખમ કેટલું છે તેનું મૂલ્યાંકન, કેટલું વળતર મળશે અને કેટલી સંભાવના છે, અને નાણાકીય લિકવિડિટી (જરૂર પડે ત્યારે નાણાંની ઉપલબ્ધિ).

આ વેબિનારમાં આશરે ૧૫૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ પ્રત્યક્ષ અને વર્ચ્યુઅલ માધ્યમથી ભાગ લીધો હતો અને અન્ય મહિલા અધ્યાપકો પણ જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમ ગત ૮મી માર્ચના રોજ ઉજવાયેલા વિશ્વ મહિલા દિનના પરિપ્રેક્ષ્યમાં આયોજિત કરવામાં આવેલ હતો.

## Department of Public Administration

### વિદાય સમારંભ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પબ્લિક એડમિનીસ્ટ્રેશન વિભાગ ખાતે તા. ૨૬–૦૩–૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના બે વર્ષના અભ્યાસકાળના અનુભવો વ્યક્ત કર્યા અને સાથે સાથે એમના જીવનમાં શું પરિવર્તન આવ્યા એની ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓએ તેમના ભવિષ્યના લક્ષ્યો વિશે પણ વાત કરી હતી અને તેઓ જે ક્ષેત્રોમાં કામ કરવા ઇચ્છે છે તે વિશે જણાવ્યું હતું. કાર્યક્રમમાં વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. મધુ એમ. થવાની અને વિભાગના સમગ્ર ફેકલ્ટી મેમ્બર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન વધારવામાં આવ્યું હતું અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરે એવી શુભેચ્છા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વાર યાદગીરી સ્વરૂપે ભગવાન કર્ણ અને અર્જુનનું સ્કેચ વિભાગને આપવામાં આવ્યું હતું અને સંસ્કૃતિક નૃત્યોનું વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા વિદાય સમારંભના ભાગરૂપે આગલા દિવસે મહેંદી કાર્યક્રમનું આયોજન કરી બધા ફેકલ્ટી મેમ્બરોને મહેંદી મુકી ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તેમજ ડૉ. મધુનો વિશ્વવિદ્યાલયએ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## Department of Statistics

### શૈક્ષણિક મુલાકાત




તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગે ૬૫ વિદ્યાર્થીઓ અને ૯ કર્મચારી સભ્યો માટે બેંગલોરના બે પ્રતિષ્ઠિત સંસ્થાઓ Indian Statistics Institute (ISI) અને બેંગલોર વિશ્વવિદ્યાલયની સફળ શૈક્ષણિક મુલાકાતનું આયોજન કર્યું. આ મુલાકાતનો હેતું વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિક અનુભવો પ્રદાન કરવાનો અને આંકડાશાસ્ત્રના પ્રગતિશીલ ખ્યાલો અને તેના વાસ્તવિક જીવનમાં લાગુ પડતા ઉપયોગો વિશે સમજણ વધારવાનો હતો. મુલાકાત મુખ્ય આકર્ષણ આંકડાશાસ્ત્રના ક્ષેત્રમાં પ્રખ્યાત નિષ્ણાંત ડૉ. રિતુપર્ણા સેનનું વિશેષ વકતવ્ય હતું. ડૉ. સેનએ "Statistics Problem of Big Data with Some Application in Finance વિષય પર ઉજ્જવળ પ્રસ્તુતિ આપી. તેમણે Big Dataની સંભાળ રાખવા સાથે જોડાયેલી જટિલતાઓ અને નાણાકીય ક્ષેત્રમાં વાસ્તવિક સમસ્યાઓ ઉકેલવામાં આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓની ભૂમિકા અંગે વિસ્તૃત ચર્ચા કરી. બેંગલોર વિશ્વવિદ્યાલયમાં, વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી વચ્ચે વિવિધ અભ્યાસક્રમો, પ્રવૃત્તિઓ અને પ્લેસમેન્ટ સંભાવનાઓ અંગે રોમાંચક સંવાદો યોજાયા. મુલાકાત દરમિયાન, વિશ્વવિદ્યાલયના વિવિધ સગવડોની ઝાંખી મેળવવા માટે લાઈબ્રેરી અને કમ્પ્યુટર લેબ્સનો માર્ગદર્શન હેઠળ પ્રવાસ પણ યોજાયો. આ સાથે, આંકડાશાસ્ત્ર વિભાગના વડા ડૉ. પંડિતે વિશ્વવિદ્યાલયની સમીક્ષાત્મક રૂપરેખા રજૂ કરી, જેમાં અભ્યાસક્રમો અને વિવિધ પ્રવૃત્તિઓ અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી. આ શૈક્ષણિક મુલાકાતે વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે જ્ઞાનસભર સંવાદ અને નવી શીખ માટે ઉત્તમ તક પૂરું પાડી. આ પ્રવાસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને બેંગલોરની પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચે સહયોગને વધારવામાં પણ સહાયક રહ્યો.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### વિદાય સમારંભ





તા. ૦૩/૦૩/૨૦૨૫ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ટી.વાય.બી.કોમ/બી.એ.ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. તમામ પ્રાધ્યાપકોને વિદ્યાર્થીઓએ પુસ્તકઅને પુષ્પથી આવકાર્યા હતા. ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈએ આર્શીવચન આપી તેમની કારકિર્દીમાં વધુને વધુ આગળ વધે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ દર વર્ષે તા. ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ વિદ્યાર્થીઓને આવતા રહેવા આમંત્રણ પણ પાઠવ્યું હતું.

### In-person Student Sensitization Sessions on NEP-2020



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં કે.સી.જી દ્વારા આયોજીત "In-Person Student Sensitization Sessions on NEP-2020" અંતર્ગત તા. ૫ અને ૬ માર્ચ ૨૦૨૫ના રોજ NEP અંગેની જાણકારી આપવા જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીના ઇ.ચા.આચાર્ય શ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ અમરોલી કૉલેજમાં Vocation Education/ Skill Development, Internship Apprenticeships, Research Innovation, Digital Empowerment ED Tech Integration, Blended Learning Online Distance Education, Internationalization of Higher Education, Academic Bank of Credit (ABC), Indian Knowledge System જેવા જુદા જુદા વિષયો પર પ્રા. ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. ડૉ. રીતુબેન અગ્રવાલ, પ્રા. ડૉ. સ્વાતિબેન જોષી, પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરીયા, પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા અને શ્રી વત્સલભાઈ પરમારે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. જેમાં કુલ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

### સંસ્કૃતિક વકૃત્વ સ્પર્ધા–૨૦૨૫



રાજ્યભરના કૉલેજના વિદ્યાર્થીઓમાં સંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવા, યુવાનોના હ્રદયમાં નૈતિક મૂલ્યો સ્થાપિત કરવા અને જાહેરમાં બોલવાની કુશળતા વધારવા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્કાર સિંચનનો મહાકુંભ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા સંસ્કૃતિક વકૃત્વ સ્પર્ધા–૨૦૨૫નું આયોજન આગામી સમયમાં થવા જઈ રહ્યું છે. જે અંગેની માહિતી આપવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા વર્ચ્યુલ મીટીગનું તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલીનાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ અમરોલી કૉલેજના શૈક્ષણિક, વહીવટી સ્ટાફ અને વિદ્યાર્થીઓ વર્ચ્યુલ માધ્યમથી જોડાયા હતા. સાંસ્કૃતિક વકૃત્વ સ્પર્ધા–૨૦૨૫માં વિદ્યાર્થીઓને સ્પર્ધામાં કઈ રીતે સહભાગી થવું, સાથે સ્પર્ધામાં રજીસ્ટ્રેશન અંગેની માહિતી કૉલેજના નોટીસ બોર્ડ, ઇ–નોટીસ બોર્ડ, સોશિયલ મીડિયા દ્વારા આપવામાં આવી હતી તથા લિંક ઉપર રજીસ્ટ્રેશન કરવાનું માર્ગદર્શન કૉલેજ દ્વારા આપવામાં આવ્યું હતું. ફેસબુકના માધ્યમથી વિદ્યાર્થીઓને વકૃત્વ સ્પર્ધાના વિષયોની તાલીમ કૉલેજના પ્રાધ્યાપકો દ્વારા આપવામાં આવી હતી, તારીખ ૮ માર્ચે કૉલેજમાં વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વકૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ભરતભાઈ વ્યાસ, શ્રી નીતાબેન વ્યાસ, અને પ્રા. નેહાબેન ઉપાધ્યાય રહ્યા હતા. જેમાં પ્રથમ સ્થાને હડિયા દયાબેન – વિકસિત ભારત ૨૦૪૭:

ભવ્ય ભારત–દિવ્ય ભારત, દ્વિતીય સ્થાને કનોજીયા પુનમબેન – ચરિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ, તૃતીય સ્થાને રાઠોડ રોશનીબેન – સંવિધાન@75 જેવા વિષયોમાં વિજેતા થયા હતા. કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. સ્વાતી આર.જોષીએ કાર્યક્રમને સફળ બનાવવામાં ભરી જહેમત ઉઠાવી હતી.

## કેમ્પસ ડ્રાઈવ



તા. ૧૩/૦૩/૨૦૨૫ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'કેમ્પસ ડ્રાઇવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)માં કસ્ટમર કેર એકઝીક્યુટીવ માટે વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Cyfuture કંપનીના સીનીયર એચ.આર. ઍક્ઝિક્યુટીવ શ્રી માનસીબેન લિંગાયત અને શ્રી પ્રિયંકાબેન ગુપ્તા તથા કૉલેજના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઇન્ટરવ્યુ માટે હાજર રહ્યા હતા. જેમાં કુલ ૪૭ જેટલા વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરીયાએ અને ઉદઘોષક તરીકે પ્રા. રાજભાઈ ડુમસિયા રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટ અને અમરોલી પરિવાર પસંદગી પામેલા ઉમેદવારને ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવે છે.

## પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૫ માર્ચ, ૨૦૨૫ના રોજ NSSના સ્વયંસેવકો/સેવિકાઓ કે જેમને શૈક્ષણિક વર્ષ દરમિયાન ૧૨૦ કલાક સેવા કાર્યમાં જોડાયેલ રહેલ હોય તેવા સ્વયંસેવકો/સેવિકાઓને ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈ, પ્રોગ્રામ ઓફિસર પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાના હસ્તે કુલ ૩૪૫ જેટલા સ્વયંસેવકો/સેવિકાઓને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### રકતદાન શિબિર



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં છાપરાભાઠા કેમ્પસની શાળા, લાયન્સ કલબ ઑફ સુરત (ઇસ્ટ), સુરત રકતદાન કેન્દ્ર અને રીસર્ચ સેન્ટર, ફૅમિલી ફિઝીશયન એસોસિયેશન (FPA) સુરત, Care Today અને અમરોલી પોલીસ સ્ટેશનનાં સહયોગ અને સંયુકત ઉપક્રમે તા. ૪/૩/૨૦૨૫નાં રોજ જીવન જ્યોત ટ્રસ્ટના માજી. પ્રમુખ અને ટ્રસ્ટનાં સંસ્થાપક સ્વ. કાંતિલાલ જે. શાહની પુણ્યતિથિ નિમિત્તે પુંષ્પાંજલી કાર્યક્રમ અને રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી સવજીભાઈ પટેલ તેમજ Care Today સંસ્થામાંથી શશાંક મિશ્રા (કૉ–ઓર્ડિનેટર), સુમિત મિશ્રા (સહ કૉ–ઓર્ડિનેટર), દિવ્યેશભાઈ ગાબાણી (સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ દ્વારા ચાલતા યુપીએસસી ટ્રેનિંગ સેન્ટરના હેડ) હાજર રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીશ્રીએ રકતદાતાઓનો આભાર માન્યો હતો. રકતદાતા શિબિરમાં કૉલેજના હાલના વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મળી ૫૧ બોટલનું રકત એકત્ર થયું હતું. તમામ રકતદાતાઓને ફોટોફ્રેમ અને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. જ્યોતિકા ટેલર તેમજ બી.બી.એ., બી.સી.એ., બી.કોમ., બી.એસ.સી. ડેટા સાયન્સના કૉ–ઓર્ડિનેટરો, NSSનાં સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફના સહકાર દ્વારા યોજાયો હતો.

## પીએચ.ડી.



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરતના કોમર્સ વિષયના વ્યાખ્યાતા ડૉ. વિરલ આર. પટેલને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત તરફથી એમણે રજૂ કરેલ Financial Management Practices of Micro Small and Medium Scale Enterprises (MSMEs) in the District of South Gujarat વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય અમરોલી સેલ્ફ ફાયનાન્સ કૉલેજનાં આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ કોમર્સ–એકાઉન્ટન્સી વિષયમાં કરેલ છે. તેમની આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી, શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### તેજસ્વી તારલાઓનો સન્માન તથા શુભેચ્છા સમારંભ



એ.વી.પટેલ કોમર્સ કૉલેજના નાણા અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ તેમજ IQAC સમિતિના સંયુક્ત ઉપક્રમે ગોલ્ડન જ્યુબિલી હોલ ખાતે તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ તથા તૃતીય વર્ષ બી.કોમના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક મહેમાનોનું કૉલેજના આચાર્યશ્રીએ પુષ્પ અને શાબ્દિક રીતે આવકાર્યા હતા તેમજ વિદ્યાર્થીઓનો શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમીન ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આવનારા ભવિષ્યમાં ખૂબ જ સારી પોતાની કારકિર્દી બનાવીને એક સારા નાગરિક બનીને દેશની સેવા કરે, તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂપેશભાઈ રાણા તરફથી રૂા. ૫૦૦૦/–નું દાન મળેલ છે, આ કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભરતભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂપેશભાઈ રાણા તરફથી રૂા. ૫૦૦૦/–નું દાન મળેલ છે. તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષના પોતાના અનુભવો વાગોળ્યા હતા. તેમજ એન.સી.સી., રમતગમત પ્રવૃતિમાં વિજેતા ઉપવિજેતાઓને તેમજ વિશ્વવિદ્યાલય પરીક્ષામાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તેમજ કૉલેજની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓના વિજેતાઓને  કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન રાણા, મંડળના પદાધિકારીઓ તેમજ નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિના કૉ–ઓર્ડિનેટર ડૉ. સોનલબેન વસાવા તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રમાણપત્ર, ટ્રોફી, મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અગ્રવાલ કૉલેજના અધ્યાપક ધાનેશ્વર પાંડે તેમજ સોનલબેન તેલીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને કેરિયર ગાઇડન્સની માહિતી પૂરી પાડી હતી આ સમગ્ર કાર્યક્રમ સંચાલન ડૉ. ભાવેશ પચ્ચીગર તેમજ પ્રા. હરમિતસિંહ સરદારે કર્યો હતો તેમજ કૉલેજના તમામ સ્ટાફ સભ્યોનો સાથ સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમ ખૂબજ સારી રીતે સંપન્ન થયો હતો.

### ગુજરાત સંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા




એ.વી.પટેલ કોમર્સ  કૉલેજ બીલીમોરા ખાતે ઇ.ચા. આચાર્ય શ્રી વર્ષાબેન રાણાની અધ્યક્ષતાનમા તા. ૮ માર્ચના રોજ NSS યુનિટ દ્વારા ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના યુવાનો ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યોથી અવગત થાય અને તેમનું વકૃત્વ અને બૌદ્ધિક ગુણોનો વિકાસ થાય તે હેતુથી યોજાયેલ વકૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓઓ ભાગ લઈ વિવિધ વિષયો પર વકતવ્ય રજૂ કર્યા હતા. સ્પર્ધામાં S.Y.B.Com.ની વિદ્યાર્થીની કુમારી અંશુ યાદવ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઈ હતી. નિર્ણાયક તરીકે પ્રા. દીપિકા લાડ અને પ્રા. પાયલ કેવટે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ પચ્ચીગરે કર્યુ હતું. કાર્યક્રમમાં NSSના સ્વયંસેવકો તેમજ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

## વિશ્વ મહિલા દિવસ તેમજ એન.સી.સી.ના કેડેટના ફેરવેલની ઉજવણી



એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં એન.સી.સી. યુનિટ તેમજ મહિલા સમિતિ અંતર્ગત વિશ્વ મહિલા દિવસની તેમજ NCC કૅડેટની ફૅરવેલની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ભૂતપૂર્વ વિદ્યાર્થી લોકરક્ષક મનમિતસિંગ સરદાર ઉપસ્થિત રહ્યા હતા એમણે એનસીસી કૅડેટ ને મોટિવેટ કરી માર્ગદર્શન પુરૂં પાડયું હતું. તેમજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાએ મહિલા દિવસ ઉપર અધ્યાપિકાઓને શુભેચ્છા પાઠવી હતી અને કૅડેટને ભવિષ્ય માટે માર્ગદર્શન અને શુભેચ્છા પાઠવી હતી, કૉલેજના એન.સી.સી. યુનિટ દ્વારા કૉલેજની તમામ અધ્યાપિકા બહેનોને તેમજ સેવક બહેનને પુષ્પ આપી સન્માન કરવામાં આવ્યા હતા. એમના કામને બિરદાવવામાં આવ્યું હતું આ સાથે એનસીસી કૅડેટ દ્વારા વિશ્વ મહિલા દિવસ ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમજ પોસ્ટર બનાવ્યા હતા. એનસીસી યુનિટ દ્વારા બેસ્ટ પર્ફોમન્સ આપનાર કૅડેટ ને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. એનસીસી યુનિટ દ્વારા બેસ્ટ પર્ફોમન્સ આપનાર કૅડેટ ને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં કૅડેટ ઓફ ધ યર કૅડેટ કેપ્ટન પટેલ કૃણાલ, બેસ્ટ ઇન ડ્રિલ ની ટ્રોફી પીઓ કૅડેટ ડાંગર કિંજલ તેમજ પીઓ કૅડેટ શુકલા અભિષેક, બેસ્ટ ઇન ટન આઉટ કૅડેટ પટેલ કીર્તન, બેસ્ટ ઇન સોશિયલ વર્કની ટ્રોફી કૅડેટ પટેલ સ્મિત, કૅડેટ મિશ્રા નિધિ, બેસ્ટ ઇન કલ્ચર ની ટ્રોફી કૅડેટ પટેલ વંશીતાને એનાયત કરવામાં આવી હતી તેમજ વર્ષ દરમિયાન કામગીરી કરનાર કૅડેટને નાનકડી ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. થર્ડ યર એનસીસી કૅડેટ્સએ પોતાના ત્રણ વર્ષના અનુભવો વાગોળ્યા હતા. તેમજ એનસીસી ઓફિસર સોનલબેન વસાવાએ પણ કૅડેટને જીવનમાં કોઈપણ તક મળે તેને ઝડપીને આગળ વધીને પોતાના ભવિષ્યની ઉજવળતા માટે શુભેચ્છા પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાના નેજા હેઠળ તેમજ સબ લેફટનન્ટ ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમનું સંચાલન કૅડેટ પલક, અને કિષ્ના દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.સી.સી.ના દરેક કૅડેટ ખૂબ જ મહેનત કરી હતી આ કાર્યક્રમ આ સાથે ખૂબ જ સારી રીતે સંપન્ન થયો હતો.

## ઇન્ટર કલાસ ક્રિકેટ સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજની જીમખાના સમિતિ અને ખેલકૂદ યોગ ધારા હેઠળ બે દિવસીય ઇન્ટર કલાસ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ નવ ટીમોએ ભાગ લીધો હતો ટૂંક સમયમાં વિશ્વવિદ્યાલયની પરીક્ષા શરૂ થવાની હોવા છતા વિદ્યાર્થીઓને ભણતરના ભારમાંથી અને સતત પરીક્ષાના માહોલમાંથી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે ઇન્ટર કલાસ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન બી.રાણાએ બોલિંગ કરીને મેચનું ઉદ્ઘાટન કર્યું હતું તથા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી. કૉલેજના  અધ્યાપકોએ દરેક મેચમાં ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં એસ.વાય.બી.કોમ.ની ડિવિઝન–૧ ટીમ વિજેતા રહી હતી. ઉપવિજેતા એફ.વાય.બી.કોમ. ડિવિઝન–રની ટીમ રહી હતી. આ ખેલાડીઓને કૉલેજના અધ્યાપકો દ્વારા મેડલ અને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ બંને ટીમના ખેલાડીઓને ઇ.ચા.આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ તથા તમામ અધ્યાપકોએ શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધાનું આયોજન જીમખાના સમિતિના કન્વીનર ડૉ. સોનલબેન વસાવા તેમજ પ્રા. હરમિતસિંહ સરદારના નેજા હેઠળ કરાવવામાં આવી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### International Women's Day 2025 'Accelerate the Action'



Date: 8/3/2025, C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara and HMAI Vyara Unit celebrated International Women's Day by Arranging Camp for Female complaint followed by celebration for female employees of college campus, the celebration started with speech by Abhayam, 181, Helpline Counsellor Nilamben Gamit and Sardaben Gamit ASI, Which followed by Different games, and felicitation of all the women staff with gift and flowers. The winners of games are Felicitated with gifts.

**Winners are as below.**

- **Saree Wrapping competition -** Dr. Dhruni Gavli
- **Pick the object -** Kajal Ben gamit
- **Antakshari -** Bhoomi Pancholi

In the end by the voting of all the female staff, Female of the year award goes to Dr. Dixita Upadhyay, she was Felicitated by small gift from college and HMAI, Unit Vyara. This event was anchored by Dr Dixita Upadhyay and vote of thanks given by Dr Unnati Parmar. This event concluded with cake cutting and national anthem. The entire programme was coordinated by Activity Committee under the Guidance of Principal Dr. Jyoti Rao.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### નેશનલ કૉન્ફરન્સ






નવયુગ કોમર્સ કૉલેજ અને યબ્બહ દ્વારા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત સાથેના સંકલન હેઠળ નવયુગ કોમર્સ કૉલેજ પીઠાવાળા મધ્યસ્થ હોલ મુકામે Enlightening, Entrepreneurship, E-Commerce, Economy, Education, Environment & Ethic Through Advanced Research Methodologies વિષય પર એક દિવસીય નેશનલ કૉન્ફરન્સનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ નેશનલ કૉન્ફરન્સમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ સી. પાનસેરિયા અને અતિથિ વિશેષ કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કી–નોટ સ્પીકર તરીકે ડૉ. દક્ષેશ ઠાકોર (પ્રોવોસ્ટ, વનિતા વિશ્રામ વુમન્સ વિશ્વવિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોએ શિક્ષણ જગતની આધુનિકતા અને આધુનિક શિક્ષણના વિકાસ પર જ્ઞાન આપ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીશ્રી બીરેનભાઈ મહેશભાઈ પીઠાવાલા તેમજ નવયુગ કોમર્સ કૉલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ શ્રી જે.એમ. નાયક સંસ્થાના વડીલ તરીકે ઉપસ્થિત રહી આ અવસરને પ્રકાશિત કર્યો હતો.

નેશનલ કૉન્ફરન્સ વિશેષ સત્રના મુખ્ય વકતાઓ તરીકે ડૉ. સુરેશ એન. માઈડ (પ્રોફેસર, મુંબઈ સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પબ્લિક પોલિસી) અને ડૉ. મેહુલ જી. ઠક્કર (પ્રોફેસર, માનવ સંસાધન વ્યવસ્થાપન અને વિશ્વવિદ્યાલય પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલિંગ, નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય) એ વ્યાખ્યાન આપ્યા.

ડૉ. સુરેશ માઈડ દ્વારા આર્થિક વિકાસમાં વિકસિત ભારત ૨૦૪૭ માટે આર્થિક પ્રકલ્પ અને સંશોધનની દિશા વિષય પર ધ્યાન કેન્દ્રિત કરાયું. જ્યારે ડૉ. મેહુલ ઠક્કરએ માનવ સંસાધન વ્યવસ્થાપન, અને ઔદ્યોગિક સાહસિકતામાં નવીનીકરણ જેવા મુદ્દાઓ પર વિસ્તૃત વિમર્શ કર્યો.

આ ગૌરવમય પ્રસંગે પ્રિન્સિપાલ રૂપાલી શાહ (અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત), ડૉ. રાજેશ પી. પટેલ, ડૉ. યોગેશ વાંસિયા, ડૉ. મનિષ સિદ્ધપુરિયા, ડૉ. ગૌરાંગ રામી, ડૉ. મનીષ સિધ્ધપુરીયા, ડૉ. પરેશ જોશી, ડૉ. ભાવેશ વાનપરિયા અને ડૉ. બિંદુ શાહ જેવા શિક્ષણ તજજ્ઞનો ઉપસ્થિત રહી પોતાનું નોંધપાત્ર યોગદાન આપ્યું. આ નેશનલ કૉન્ફરન્સમાં ગુજરાતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના પ્રોફેસરો, સંશોધકો, ઉદ્યોગપતિઓ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કૉન્ફરન્સમાં સંશોધન પદ્ધતિઓ ઇ–કોમર્સ, પર્યાવરણ અને આધુનિક વ્યાપારની નવી તકો વિષે ઉલ્લેખનીય ચર્ચાઓ કરી. આ નેશનલ કૉન્ફરન્સનું સફળ આયોજન નવયુગ કોમર્સ કૉલેજના આચાર્ય શ્રી વિનોદ એન. પટેલ, વિશ્વવિદ્યાલયના, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને ડૉ. જયદીપ ચૌધરી (ડિરેકટર ઓફ આર એન્ડ ડી. સેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

### વિશ્વવિદ્યાલયની સાયકિલંગ ટીમમાં પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ સાયકિલંગ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા શ્રી. પી.એચ.ઉમરાવ કૉલેજ, કિમમાં યોજાઇ હતી. જેમાં શ્રી તુષાર કિરણભાઈ

સૈલર ચતુર્થ ક્રમે આવી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થઈ. આ ખેલાડી ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલય મહારાજા ગંગાસિંઘ વિશ્વવિદ્યાલય, બીકાનેર મુકામે રમવા જશે. આ ખેલાડીને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા. સી.કે.અસારિયા, પ્રા. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.





## અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, વેસુ.

### વિદાય સમારંભ

અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ દ્વારા એમ.એ., બી.એ., બી.બી.એ., અને બી.કોમ.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યો હતો તેમજ વિદ્યાર્થીઓએ કૉલેજમાં વિતાવેલા ત્રણ વર્ષના અનુભવો શેર કર્યા હતા. આ સમારંભમાં વિશ્વવિદ્યાલય પરીક્ષામાં વિવિધ વિષયોમાં સૌથી વધુ ગુણ મેળવનારા ૩૩ વિદ્યાર્થીઓને, વિશ્વવિદ્યાલય પરીક્ષામાં બી.એ.ના ત્રીજા વર્ષમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન માટે મેડલ આપવામાં આવ્યા હતા. અર્થશાસ્ત્ર વિષયમાં અને બીજા વર્ષ બી.એ.કૉલેજ દ્વારા રાજકીય વિજ્ઞાન વિષયમાં સુવર્ણ ચંદ્રક મેળવનાર ૦૨ વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા અને કૉલેજ કક્ષાએ વિશ્વવિદ્યાલય પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર ૦૭ વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, આંતર કૉલેજ સંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ ૩૦ વિદ્યાર્થીઓની ટ્રોફી આપીને સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. NCC કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ ૧૪ વિદ્યાર્થીઓને મેડલ આપવામાં આવ્યા હતા અને ૧૫ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય/રાજ્ય સ્તરે રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ ટ્રોફી આપીને સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી સંજય સરાવગીએ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજ કમિટીના અધ્યક્ષશ્રી આનંદ અગ્રવાલ, કૉલેજ કમિટીના સહ–અધ્યક્ષ શ્રી મોહન ગુપ્તા, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને કાર્યકારી આચાર્ય ડૉ. ગૌતમ દુઆ અને તમામ વ્યાખ્યાતાઓ હાજર રહ્યા હતા.





## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### મ્યુચલ ફંડ ટ્રેનિંગ અંતર્ગત પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજ તથા સ્કિલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ ફોર વુમન એન્ડ યુથના

સંયુક્ત ઉપક્રમે મ્યુચલ ફંડ અંગે ટ્રેનિંગ કોર્ષનું (૫૦ કલાક) સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ટ્રેનિંગ મેળવી હતી. જે અંગે આજ રોજ વિદ્યાર્થીઓને ટ્રેનિંગ મેળવ્યાનું પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રેરણાદાયી પ્રાસંગિક ઉદ્દબોધન આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મુખ્ય મહેમાનશ્રી તરીકે એસ.બી.આઈ.ના કલસ્ટર મૅનેજર વિકાસભાઈ મિશ્રાએ હાજરી આપી હતી અને સ્ટોક એકસચેન્જ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં SBIના સેલ્સ મૅનેજર અંજલિ મનહર તથા સેલ્સ ઑફિસર હર્ષ પારેખ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી યોગ્ય માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કુ. વૃષ્ટિ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કોર્ષમાં ટ્રેનિંગ પામેલ સર્વ વિદ્યાર્થીઓને સમગ્ર કૉલેજ પરિવાર અને ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## લઘુશોધ સંશોધન વિમોચન તેમજ પ્રમાણપત્ર વિતરણ' કાર્યક્રમ



સંસ્કારી નગરી નવસારીની ઉચ્ચ શિક્ષણક્ષેત્રે નામાંકિત એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં પ્લાનિંગ ફોરમ સમિતિ અને આઈ.કયુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૬/૩/૨૦૨૫ના રોજ "લઘુશોધ સંશોધન વિમોચન તેમજ પ્રમાણપત્ર વિતરણ"નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શુભ શરૂઆત સંગીતા રાજભરે રજૂ કરેલી પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સ્વાગત પ્રવચન થકી ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે વિશ્વમાં થયેલ જુદી જુદી ક્રાંતિ અંતર્ગત શ્વેત ક્રાંતિની પ્રેરણાદાયી માહિતી રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. ધર્મવીર ગુર્જરનું વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્ર વિભાગ અને પ્લાનિંગ ફોરમ સમિતિના અધ્યક્ષશ્રી ડૉ. અરવિંદભાઈ પટેલે લઘુશોધ સંશોધનને લગતા પ્રતિભાવો રજૂ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. લઘુશોધ સંશોધન પુસ્તકનું વિમોચન તેમજ પ્રમાણપત્ર વિતરણ મુખ્ય મહેમાન તેમજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાનશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રેરણાદાયી સંશોધનને લગતી માહિતી આપી વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. લઘુશોધ સંશોધનના સર્વે કુલ ૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ખાન અશરફઅલી, કુંકણા દર્પણ અને સેંગાર શાલિનીએ લઘુશોધ સંશોધનને લગતા પોતાના વિદ્યાર્થી તરીકેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા મોટી સંખ્યામાં અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. નસરીન કુરેશીએ કર્યું હતું અને આભારવિધિ શ્રી કિશોરભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. પ્લાનિંગ ફોરમ સમિતિની આ વિશેષ પ્રવૃત્તિની એસ.બી.ગાર્ડા કૉલેજ ટ્રસ્ટ દ્વારા સરાહના કરવામાં આવી હતી.

## ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા-૨૦૨૫



સંસ્કારી નગરી નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી. ગાર્ડા કૉલેજમાં શિક્ષણ વિભાગ ગુજરાત રાજય અને આઈ.કયુ.એ. સેલના સંયુકત ઉપક્રમે તા. ૦૮/૦૩/૨૦૨૫ના રોજ ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા ૨૦૨૫ યોજાઈ હતી. આ કાર્યક્રમની શુભ શરૂઆત પ્રિયાંશી પટેલની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર પ્રાસંગિક ઉદ્દબોધનમાં ગુજરાતના સાંસ્કૃતિક મૂલ્યો અને પરંપરાની વાતો કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે મયુરી સૂર્યવંશી (બી.કોમ.સેમ.-૬), દ્વિતીય ક્રમે પ્રિયાંશી પટેલ (બી.એ.સેમ.-૪) અને તૃતીય ક્રમે રચના મકવાણા (બી.કોમ.સેમ.-૪) વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ. અરવિંદભાઈ પટેલ અને ડૉ. અશ્વિનભાઈ શર્માએ ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિશોરભાઈ પટેલ કર્યું હતું. તેમજ કાર્યક્રમની આભારવિધિ કુ. કેયુરી રાઠોડ દ્વારા કરવામાં આવી હતી. વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, કૉલેજના અધ્યાપકો, વહીવટી સ્ટાફ, સેવકભાઈઓ અને કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

વિનમ્રતા, મધુરવાણી અને લાગણીયુકત વ્યવહારથી સૌને જીતી શકાય છે. — ડૉ. ધર્મવીર ગુર્જર



વિદ્યાર્થીઓના જીવનના શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક પાસાઓનો સમુચિત વિકાસ માટે પ્રતિબદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજ સમગ્ર પંથકમાં એક આગવી નામના અને પ્રતિષ્ઠા ધરાવે છે. આ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રીના રચનાત્મક અને આધ્યાતિમક વિચારો અને કાર્યો થકી કૉલેજ પ્રગતિના પંથે આગળ વધી રહી છે. આ જ ઉપક્રમ અનુસાર તા. ૮/૩/૨૦૨૫ના દિવસે કૉલેજમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રિયાંશી પટેલે પ્રાર્થના દ્વારા વિદ્યાની દેવી માં સરસ્વતીની વંદના કરી હતી. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્યશ્રીઓ ખાસ ઉપસ્થિત કરી કૉલેજ પરિવારના મહિલા કર્મચારીઓનું પુષ્પ અર્પણ કરી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે પોતાના વકતવ્યમાં ડૉ. ધર્મવીર ગુર્જરે કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક મહિલા કર્મચારીઓની કાર્ય પદ્ધતિ, ચોકસાઈ અને વિશિષ્ટ ભૂમિકાને મુકતે મને બિરદાવી હતી. આ સાથે તેમણે ઘર-પરિવાર, સમાજ અને કાર્યસ્થળે મહિલાઓના વિશેષ યોગદાનની ગૌરવપૂર્વક પ્રશસ્તિ કરી હતી. તેમણે વિશિષ્ટ ઉદાહરણો અને સત્ય ઘટનાઓના દ્રષ્ટાંતો રજૂ કરી, સંઘર્ષ અને વિવાદોથી મુકત ઘર-પરિવાર અને સંવાદયુકત સંસ્થા બનાવવા અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ડૉ. અશ્વિન શર્માએ ઇન્ચાર્જ આચાર્યશ્રીની અમૃતવાણી તથા વિશેષ માર્ગદર્શન માટે તેમના પ્રતિ વિશેષ કૃતજ્ઞતા વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અશ્વિન શર્માએ કર્યુ હતું.

## શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા દ્વારા તા. ૧૩/૩/૨૦૨૫ના રોજ 'વાર્ષિક સાંસ્કૃતિક' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ આમીને કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાને શોભાવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી હાજર રહ્યા હતા, કાર્યક્રમના મૅનેજીંગ કમિટીના અધ્યક્ષ શ્રી નરેશભાઈ નેમાણી, સંસ્થાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીન, સંસ્થાના ઉપપ્રમુખ શ્રી દયાસ્વરૂપભાઈ પટેલ, કૉલેજના પૂર્વ આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયક હાજર રહ્યા હતા. શાબ્દિક સ્વાગત અને મહેમાનશ્રીઓનો પરિચય કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલે આપ્યો હતો. વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે "શિક્ષકને વિદ્યાર્થીઓ માટે વહાલ અને પ્રેમ હોય છે. એક શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં આમૂલ પરિવર્તન લાવી શકે છે." બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ અમીને પણ પોતાનાં અધ્યક્ષીય ઉદબોધનમાં જણાવ્યું કે "શિક્ષક માટે બાળકોના મનના વિજ્ઞાનને સમજવું જરૂરી છે, બાળકોને માનસિક રીતે પણ પરિપકવ બનાવવાની જવાબદારી શિક્ષકની છે". કાર્યક્રમમાં ભગિની સંસ્થા અને વિસ્તારની અન્ય શાળા/કૉલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકો, તાલીમાર્થીઓ વાલીશ્રીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ પ્રાર્થના, પંચમહાભૂત, ફાગણોત્સવ, મેં હુ ભારત, હળવું કંઠય ગીત, યાજ્ઞસેની નૃત્ય, નાટકઃ શિશુસ્તાન, ચારણ કન્યાઃનવો યુગ, નવી નાયિકા અને ગરબા જેવી કૃતિઓ રજૂ કરી પોતાના નાટય અને કલાની ક્ષમતાઓને ઉજાગર કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. નમ્રતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કંડારાયો હતો અને અંતે તેઓએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં બી.એડ કૉલેજના સૌ અધ્યાપકો અને તાલીમાર્થીઓએ ભારે જેહમત ઉઠાવી હતી.

### વ્યાખ્યાન



શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા કૉલેજમાં ૨૬મા "માનવ ઉત્કર્ષમંડળ" અંતર્ગત વ્યાખ્યાન માળાના ભાગરૂપે તા. ૧૯/૦૩/૨૦૨૫ને બુધવારના રોજ વ્યાખ્યાન યોજાઈ ગયું. માનવ ઉત્કર્ષ મંડળ એ કૉલેજમાં અભ્યાસ કરતા સૌથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે

છેલ્લા ૨૫ વર્ષથી ચાલતી પ્રવૃત્તિ છે. માનવ ઉત્કર્ષ મંડળનો પરિચય પ્રા.ડૉ. શીતલબેન વસાવાએ આપ્યો હતો. આ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પૂર્વ ઇન્ચાર્જ કુલપતિશ્રી અને રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વાપીના આચાર્ય ડૉ. હેમાલીબેન દેસાઈનું "જીવન લક્ષ્યો અને સિદ્ધિઓ" વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે ક્યારેક કોઈના જજ ન બનવાની અને સંવેદનશીલ શિક્ષક બનવાની વાત રજૂ કરી હતી. પ્રારબ્ધની સાથે પુરુષાર્થ હોય તો તે માનવી હંમેશા આગળ વધે છે. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમીન, સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેનશ્રી ભરતભાઈ અમીન, મેનેજીંગ કમિટીના અધ્યક્ષશ્રી નરેશભાઈ નેમાણી અને વી.એસ.પટેલના આચાર્યશ્રી ડૉ. અરવિંદભાઈ બજાજ હાજર રહ્યા હતા. મહેમાનોનો આવકાર સ્વાગત અને પરિચય કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી કલ્પેશભાઈ ટંડેલે કર્યું હતું. શ્રી ભુપેન્દ્રભાઈ અમીને અર્શીવચનો પાઠવ્યા હતા. આ સાથે જ કૉલેજ અને કૉલેજ બહાર થયેલ સ્પર્ધાઓના ઇનામો અને સર્ટીફિકેટ પણ તાલીમાર્થીઓને આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ સંસ્થાના પ્રા. ડૉ.નમ્રતાબેન પટેલ અને ઉદ્દઘોષક તરીકે પ્રા. ડૉ. શીતલબેન વસાવાએ ભૂમિકા ભજવી હતી. ડૉ. ફાલ્ગુનીબેન વાસિયાએ ઇનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

### નવી શિક્ષણ નીતિ –૨૦૨૦




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા જી–ભરૂચ ખાતે તારીખ ૦૩/૦૩/૨૦૨૫ ને સોમવારે "નવી શિક્ષણ નીતિ –૨૦૨૦"થી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત નવી શિક્ષણ નીતિ શું છે, એની વિશેષતાઓ, અભ્યાસક્રમ, ABC ID, ક્રેડિટ માળખું તેમજ સ્વયમ્, સ્વયમ્ પ્લસ સાથે પોર્ટલ તેમજ NEP સારથી પોર્ટલના ઉદ્દેશય તેમજ કાર્યો અને વિદ્યાર્થીઓ માટેની ઉપયોગિતા વિશેની માહિતીસભર જાણકારી NEP કૉ–ઓર્ડિનેટર ડૉ. શર્મિલાબેન એસ પટેલ દ્વારા દ્વિતીયવર્ષ બી.એ.ના. ૧૧૫ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇનચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### GCAS Registration & Campaigning Report




On 18th & 19th Feb. 2025, Under the banner of Student Support Activities, 12th standard students registered for GCAS. (Gujarat Common Admission Services) On 18th Feb 2025, In Charge Prin. of the College Arts & Commerce Colleges - Dr. Niyati Bhatt & Dr. Nimishaben visited Moriyaana Higher Secondary School, M. M. Bakht High School, Netrang, Sanskar Gurjari High School Chaasward, Savita Sanskar Chaasward, Sarda Mandir High School Daheli & Navchetan Vidya Mandir Valia for GCAS Registration.

On 19th Feb. 2025, Joint Secretory Ashwinsinhji Viharia, In Charge Prin. of the College Arts & Commerce College Dr. Niyati Bhatt, Dr. Nimishaben & Higher Secondary School Teacher Shri Bhimsibhai Vasava visited remote villages Schools & Maharashtra border schools - Selamba Government Higher Secondary School, Navrachna - Missionary High School Sagbasra, Jalbhai Khajotya High School, Sagbasra. Dist. Narmada, Rupal B Gajjar High School, Khokhar Umar, Eklavya Model Residential School, Dediyapaada St. Xavier's High School, Dediyapaada, & Navchetan Vidya Mandir, Valia for GCAS Registration. On 5th March 2025 as per Veer Narmad Universities Guidelines GCAS Registration Display Board was placed at Navchetan Higher Secondary School, Valia.

### 'હેલ્ધી ન્યુટ્રીશન આર્યનની જરૂરીયાત' વિષય પર વક્તવ્ય



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતીબેનના માર્ગદર્શન હેઠળ

આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે તા. ૦૭/૦૩/૨૦૨૫ના રોજ મહિલા ઓ માટે 'હેલ્થી ન્યુટ્રીશન આર્યનની જરૂરીયાત' વિષય પર એક વક્તવ્ય હોમસાયન્સ વિભાગ દ્વારા આયોજીત કરવામાં આવ્યું. વકતા તરીકે વાલીયા CMTC બાલ કેન્દ્રના આસિસ્ટન્ટ ન્યુટ્રીશન મૅનેજર શ્રીમતી રશ્મિબેન પધાર્યા હતા. તેમણે મહિલાઓમાં આર્યન વિશેની જાગૃતતાની ખૂબ સુંદર માહિતી વિદ્યાર્થીનીઓને પ્રદાન કરી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતીબેને રશ્મિબેનનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી આવકાર્યા હતા. વિભાગ અધ્યક્ષ પ્રા. ભાવનાબેન ગોથાણે આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અને પ્રા. અનિતાબેન આ કાર્યક્રમની આભારવિધિ કરી હતી આ કાર્યક્રમમાં પ્રા. નિમીષાબેન તેમજ ૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

### બિસ્કીટ તેમજ પેન વિતરણના કાર્યક્રમ




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતીબેનના માર્ગદર્શન હેઠળ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી નિમિત્તે હોમસાયન્સ વિભાગ દ્વારા તા. ૧૧/૦૩/૨૦૨૫ રોજ બ્રિટાનિયા ન્યુટ્રીશન ફાઉન્ડેશનના ઉપક્રમે વિદ્યાર્થીનીઓને ન્યુટ્રીશનલ કીટ જેમાં બિસ્કીટ તેમજ પેન વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં વાલીયાના CMTC બાલ કેન્દ્રના આસિસ્ટન્ટ ન્યુટ્રીશનલ મેનેજર શ્રીમતી રશ્મિબેન મહીડા, બ્રિટાનિયા ન્યુટ્રીશન ફાઉન્ડેશનના આરતીબેન તેમજ મેઘનાબેન પધાર્યા હતા. તેમણે ખૂબ સુંદર આયર્ન અને કુપોષણ વિશેની માહિતી, તેમજ મહિલાઓની વિવિધ સરકારી યોજનાઓ વિશેની માહિતી વિદ્યાર્થીઓને પ્રદાન કરી હતી. અને વિદ્યાર્થીઓને બિસ્કીટ તેમજ પેન આપી પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતીબેને રશ્મિબેનનું તેમજ અન્ય મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વિભાગ અધ્યક્ષ પ્રા. ભાવનાબેન ગોથાણે કર્યું હતુ. તથા આભારવિધિ પ્રા. અનિતાબેને કરી હતી. આ કાર્યક્રમમાં પ્રા.નિમીષાબેન તેમજ ૬૦ જેટલા વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

### 'કેરિયર ગાઇડન્સ કાર્યક્રમ'

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયામાં ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ તા. ૨૪/૦૩/૨૦૨૫ના રોજ કેરિયર ગાઇડન્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય (બી.એડ.) થવા કૉલેજમાંથી પ્રા. તેજલબેન પી. સિંઘા અને પ્રા. ગ્રિષ્માબેન કે. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને બી.એ.ના અભ્યાસ પછી બી.એડ. અભ્યાસનું મહત્વ, પ્રવેશ પદ્ધતિ, ભવિષ્યમાં બી.એડ. અભ્યાસ સંબંધિત સુધારાઓ વગેરે વિશે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કેરિયર ગાઇડન્સ સેલના કૉ-ઓર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું.




## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

### ત્રિવિધ કાર્યક્રમ



શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ વ્યારા ખાતે પુસ્તક વિમોચન, તેજસ્વી તારલાઓને સન્માનિતક કરવાનો અને કૉલેજમાં આવેલા નવા અધ્યાપકોને આવકારવાનો ત્રિવિધ કાર્યક્રમ સંચાલક મંડળના પ્રમુખ અને સહકારી ક્ષેત્રના આગેવાનશ્રી હસુભાઈ ભકતના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ શબ્દોથી મહેમાનોનું સ્વાગત કરી કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સાથ સહકારથી પ્રતિવર્ષ કૉલેજ દ્વારા નવા નવા કાર્યક્રમો સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યા છે તેમ જણાવી સંચાલક મંડળ દ્વારા કૉલેજકક્ષાએ વિવિધ

સુવિધાઓ અને સગવડતાઓ ઉભી કરી આપવામાં ખૂબ ઉત્સહ દર્શાવામાં આવે છે તે માટે મંડળનો આભારમાની કૉલેજ પરિવાર દ્વારા કૉલેજકક્ષાએ ચાલતી સંશોધન તથા સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિ બિરદાવી સર્વે પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે સંચાલક મંડળની ઉપસ્થિતિમાં મહેમાનોના વરદ્હસ્તે કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. મેરૂભાઈ વાઢેળના 'ગુજરાતી સોનેટ' અને 'ગામીત જાતિના લોકગીતો' એમ બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. જે પૈકી 'ગુજરાતી સોનેટ' હાલમાં ગુજરાતી વિષયના અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી બની શકે એમ છે. આ પ્રસંગે ડૉ. જીજ્ઞાબેન વ્યાસે આ બંને પુસ્તકો વિષે રસપ્રદ પરિચય આપ્યો હતો. આ બંને પુસ્તકના લેખક ડૉ. મેરૂભાઈ વાઢેળે જીવનમાં પોતપોતાના વ્યવસાયમાં આગળ વધી સફળતા પ્રાપ્ત કરવા માટે ૧૦૦ ટકા કરતા બમણું કામ કરવામાં આવે તો એનો અવશ્ય આનંદ, સંતોષ અને સફળતા પ્રાપ્ત કરી શકાય છે. વિદ્યાર્થીઓએ પણ શરૂઆતથી જ પોતાનું ચોક્કસ લક્ષ નક્કી કરવું જોઈએ તો જ ધારેલા પરિણામ સુધી પહોચી શકાય છે એમ જણાવ્યું હતું. કૉલેજમાં ચાલુ વર્ષે હાજર થયેલા નવા અધ્યાપકોને પણ મહેમાનોના વરદહસ્તે પુષ્પગુચ્છ આપી આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. જીજ્ઞાબેન વ્યાસે પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતુ કે આચાર્યશ્રી, સમગ્ર કૉલેજ પરિવાર તથા સંચાલક મંડળે અમને કૉલેજમાં પોતાના પરિવારની જેમ સ્વીકારી અને સમાવી લીધા એટલું જ નહીં અમને કોઈ જ મુશ્કેલી નહી પડે તેની ઝીણામાં ઝીણી કાળજી પણ રાખી. અમો આ સંસ્થાના ખૂબ ઋણી રહીશું એવી લાગણી વ્યકત કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે વર્ષઃ ૨૦૨૩–૨૪ દરમ્યાન વિશ્વવિદ્યાલયની સ્નાતક અને અનુસ્નાતક  કક્ષાએ છેલ્લા વર્ષની પરીક્ષામાં જે તે વિષયમાં સમગ્ર કૉલેજમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને કૉલેજના અધ્યાપકો દ્વારા એકત્રિત કરેલ અધ્યાપકનીધિ ફંડમાંથી મહેમાનોના વરદહસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી હસુભાઈ ભકતે કૉલેજની પ્રગતિ અને સિધ્ધિઓને બિરદાવી વર્તમાન અધ્યપકશ્રીઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલ ફંડમાંથી વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટેની જે શરૂઆત કરવામાં આવી છે તેને બિરદાવી કૉલેજને સુવિધાસભર બનાવવામાં જયારે પણ કોઈ પણ પ્રકારની જરૂરિયાત જણાશે ત્યારે સંચાલક મંડળ તમામ પ્રકારની મદદ કરશે એમ જણાવી પરીક્ષામાં વધુ ગુણ મેળવી કૉલેજને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓ માટે મંડળ તરફથી પણ નગદ ઇનામની જાહેરાત કરી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને સંચાલક મંડળના ચેરમેનશ્રી નેવીલભાઈ જોખી તથા મંત્રીશ્રી મહેશભાઈ શાહે આ પ્રસંગે આનંદ અને સંતોષની લાગણી વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.ડૉ. ધર્મેશભાઈ પંડયા અને પ્રા. ડૉ. જીજ્ઞા વ્યાસે કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ કૉલેજના ઉપાચાર્યશ્રી પ્રા. વસંતભાઈ ગામીતે કરી હતી.

## 'વિશ્વ માતૃભાષા' મહોત્સવની ઉજવણી નિમિત્તે 'કવિ સંમેલન' આયોજન



ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને શ્રી શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ વ્યારાના સંયુકત ઉપક્રમે 'વિશ્વ માતૃભાષા' મહોત્સવની ઊજવણી નિમિત્તે કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું, મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજ પરિવાર તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વ્યારા નગરના સાહિત્ય રસિકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખર્વાસિયાએ મહેમાનોને શબ્દોથી આવકારી સુરેશ દલાલની કાવ્ય પંકિતથી કવિ સંમેલનની શરૂઆત કરી આ કાર્યક્રમ માટે મંજુરી આપવા બદલ ગુજરાત સાહિત્ય અકાદમીનો આભાર માન્યો હતો અને કૉલેજની પ્રગતિની ટુકી રૂપરેખા રજૂ કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો "વિશ્વ માતૃભાષા" મહોત્સવની ઊજવણી અંગેનો સંદેશો (ઓડિયો) સંભળાવવામાં આવ્યો હતો.

સૌ પ્રથમ નિવૃત્ત જિલ્લા શિક્ષણાધિકારી અને સાહિત્યનાક્ષેત્રે ખૂબ મોટુ યોગદાન આપનાર શ્રી નૈષધ મકવાણા દ્વારા રજૂ કરવામાં આવેલ કવિતાઓથી કવિ સંમેલનની શરૂઆત થઈ હતી. વ્યારા કૉલેજના ભૂતપૂર્વ ગુજરાતી વિષયના અધ્યાપક અને સાહિત્યના ક્ષેત્રે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ખૂબ મોટુ યોગદાન આપનાર ડૉ. દક્ષાબેન વ્યાસે અછાંદસ અને મુકતકો રજૂ કરી માતૃભાષા ગુજરાતી ભાષાનું મહિમા સમજાવ્યું હતું. કવિ સંમેલનમાં ઉપસ્થિત નિવૃત આચાર્ય પ્રજ્ઞા વશીએ પોતાની લાક્ષણિક અદામાં સ્વરચિત કવિતાઓનું પઠન અને ગઝલ રજૂ કરી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે અન્ય કવિઓ પૈકી ડૉ. અમિતસિંહ ગામીએ ગઝલો, શ્રી ઉમેશ તામસેએ સ્વરચિત ગઝલો તથા અનિલ મકવાણાએ સ્વરચિત કાવ્ય રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમના સંચાલક અને સંયોજક તથા વ્યારા કૉલેજના ગુજરાતી વિષગના અધ્યાપક ડૉ. એમ.એચ. વાઢેળે કર્ણપ્રિય અને રસપ્રદ કવિતાઓનું પઠન કરી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ કર્યા હતા.

## 'વિકસિત ભારત' વિષય ઉપર એક દિવસીય નેશનલ કોન્ફરન્સ



શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ વ્યારા ખાતે કોમર્સ અને કોમ્પ્યુટર એપ્લિકેશન વિભાગના સંયુકત ઉપક્રમે કૉલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી હસુભાઈ ભકતના પ્રમુખ સ્થાને એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રા. ડૉ. ભાવિનભાઈ પુરોહિત રચિત કૉલેજ ગીતથી કરવામાં આવી હતી. કૉલેજના આચાર્ય ડૉ. હિતેન્દ્રસિંહ ખરવસિયાએ શબ્દોથી મહેમાનોને આવકારી વર્તમાન સમયમાં આપણો દેશ જુદા જુદા ક્ષેત્રમાં ખૂબ સારો વિકાસ કરી રહ્યો છે, એટલુ જ નહિ વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, કળા, આરોગ્યમાં મલ્ટી–ડિસિપ્લિનરી અભિગમનું ખૂબ મહત્વ વધ્યુ છે ત્યારે એને વિકસાવે તે પ્રકારની નીતિ અને સૌ ભારતવાસીઓ એમસાથે કામ કરશે ત્યારે સફળતાના લક્ષને આપણે પ્રાપ્ત કરી શકીશુ અને ૨૦૪૭ સુધીમાં દેશમાં કાયમી ટકાઉ વિકાસના લક્ષ્યાંકને પૂર્ણ કરી શકીશું એવું જણાવ્યું.

શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળના પ્રમુખ અને રાષ્ટ્રીય પરિસંવાદના અધ્યક્ષશ્રી હસુભાઈ ભક્તે આપણી ગ્રામ્ય વિસ્તારની કૉલેજમાં વર્તમાન ભારતને ઉપયોગી બને શકે તેવા વિષય સાથે સંકળાયેલા નેશનલ સેમીનારનું આયોજન કરવા બદલ આનંદ અને સંતોષની લાગણી વ્યકત કરી કાગળ ઉપર નોધાયેલા આંકડાઓની જગ્યાએ વિવિધ ક્ષેત્રના અનુભવીઓ અને નિષ્ણાંતોનું જુદા જુદા ક્ષેત્રના વિકાસ માટે માર્ગદર્શન લેવામાં આવે તો એના ખૂબ સારા પરિણામો મળી શકે અને તોજ ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વિકસિત ભારત ૨૦૪૭"ની જે વાતો કરી છે તેને સાચા અર્થમાં સફળ અને સાર્થક કરી શકાશે. આ પ્રસંગે સાર્વજનિક વિશ્વવિદ્યાલય સુરતના પ્રોવોસ્ટ અને સેમિનારના મુખ્ય વકતા ડૉ. કિરણભાઈ પંડયાએ કાયમી ટકાઉ વિકાસ માનવજીવન તથા પર્યાવરણ માટે ખૂબ મહત્વનું છે. તેમજ ભારતીય પરંપરામાં ઋષિમુનિઓએ પણ ટકાઉ વિકાસ માટેનું સુંદર માર્ગદર્શન આપ્યું છે. કાયમી ટકાઉ વિકાસના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા જુદા જુદા ૧૭ જેટલા ગોલ જેવા કે ગરીબી દૂર કરવી, ભૂખમરો દૂર કરવો, આરોગ્ય–સુખ સમૃધિ, ગુણવત્તા યુકત શિક્ષણ, જાતિ સમાનતા, શુધ્ધ પાણી અને સ્વચ્છતા પર્યાવરણીય જાગૃતિ વગેરે બાબતોની વિસ્તૃત સમજ આપી કાયમી–ટકાઉ વિકાસમાં ભારત વર્તમાન સમયમાં કયાં છે તેનુ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. બિરસામુંડા ટ્રાઇબલ વિશ્વવિદ્યાલય, રાજપીપળાના કુલપતિશ્રી ડૉ. મધુકર પાડવીએ વર્તમાન સમયમાં ભારત સરકાર દ્વારા જુદા જુદા ક્ષેત્રમાં ખૂબ સારો વિકાસ કરવામાં આવી રહ્યો છે એનો લાભ છેવાડાના ગામડાઓ અને માનવીઓ સુધી સુવ્યવસ્થિત આયોજન કરી પહોંચાડવામાં આવે તો ટકાઉ કાયમી વિકાસમાં આપણે અવશ્ય પ્રગતિ કરી શકીશું તથા આજના યુગમાં આદિવાસી જીવન શૈલી વર્તમાન સમાજ જો અપનાવે તો ભારત સહિત વિશ્વના પર્યાવરણ, આરોગ્ય તથા અન્ય પ્રશ્નોનું સમાધાન મળી શકે છે એમ જણાવ્યું હતું. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલય પાટણના કુલપતિશ્રી ડૉ. કિશોર સી. પોરિયાએ જણાવ્યુ હતુ કે ભારત તેની વિશાળ વસ્તી અને સંસાધનો સાથે આજે વિશ્વમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભારતે કાયમી અને ટકાઉ વિકાસ કરવો હશે તો તે માટે આર્થિક વૃધ્ધિ અને રોજગારી, પર્યાવરણીય સંરક્ષણ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, જાહેર આરોગ્ય અને કલ્યાણ તથા જાતિ અને લિંગ સમાનતા જેવી બાબતો પર વિશેષ ધ્યાન આપવું પડશે તેમજ સર્વેના સાથ સહકારથીજ ૨૦૪૭ સુધીમાં વિશ્વમાં ભારતને વિકસિત ભારત તરીકે પ્રથમ હરોળમાં મૂકી શકાશે એમ જણાવ્યું. આ પરિસંવાદમાં પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત ન રહી શકનાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ તથા શ્રી ગોવિંદગુરુ વિશ્વવિદ્યાલય, ગોધરાના કુલપતિશ્રી ડૉ. પ્રતાપસિંહ ચૌહાણે 'વિકસિત ભારત' ના અનુસંધાને ઓનલાઈન વકતવ્ય આપ્યુ હતું.

આ અધિવેશનમાં કુલ ૨૨૬ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો અને વિકસિત ભારતના અનુસંધાને ૧૭૨ જેટલા શોધ પત્રો રજૂ કરવામાં આવ્યા હતા. આ શોધપત્રોને જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. જેનું મહેમાનોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનો પરીચય પ્રા. ભામિનીબેન શાહ, પ્રા. ડૉ. યજ્ઞાબેન વ્યાસ તથા પ્રા. જિજ્ઞાબેન વ્યાસે આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.જિજ્ઞાબેન વ્યાસે અને આભારવિધિ IQACના કૉ–ઓર્ડિનેટર ડૉ. ધર્મેશ પંડયાએ કરી હતી.

## આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, માંડવી.

## નાગરિક સહકારી બેંક લિમિટેડની મુલાકાત



સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ માંડવી દ્વારા તા. ૦૩/૦૧/૨૦૨૫ના રોજ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે માંડવી નાગરિક સહકારી બેંક લિમિટેડની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. Accountancy & Taxation વિષયના પ્રાધ્યાપક ડૉ. ઉદય જે. લાખાણી દ્વારા આ મુલાકાતનું આયોજન કરવામાં આવેલ હતું. બેંકના મૅનેજર શ્રી આશુતોષ ઉપાધ્યાયનો ઉમદા સહકાર મળ્યો અને સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને બેંકના વિવિધ વિભાગો જેવા કે ખાતું ખોલવું, ચેક ક્લિયરિંગ, લોન, RTGS, NEFT, CIBIL SCORE, લોન રિકવરી, ગોલ્ડ લોન, ઇન્ટરનેટ બેંકિંગ, લોકર વગેરે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને બૅંકિંગ ક્ષેત્રમાં ઉપલબ્ધ વિવિધ કરિયરની તકો વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યશ્રીએ આ મુલાકાતને વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી ગણાવી હતી અને માંડવી નાગરીક બૅંકના મૅનેજર આશુતોષ ઉપાધ્યાય તેમજ સ્ટાફગણનો આભાર માન્યો હતો.

## સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, ડેડીયાપાડા.

### એક દિવસીય કેમ્પ





તા. ૨૭/૦૩/૨૦૨૫ના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, ડેડીયાપાડા ખાતે પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલની અધ્યક્ષતામાં એન.એસ.એસ. દ્વારા એક દિવસીય કેમ્પનો આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત કૉલેજમાં અભ્યાસ કરતા એફ.વાય.એસ.વાય અને ટી.વાય.ના વિદ્યાર્થીઓ ભાગીદાર બન્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ જતન સ્વચ્છતા અભિયાન અને ઉનાળાના સમય દરમિયાન પક્ષીઓ માટે પીવા માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં કૉલેજમાં અભ્યાસ કરતા ૮૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહી એક દિવસે વન-ડે કેમ્પને સફળ બનાવ્યો હતો. પ્રોગ્રામ ઑફિસર ડૉ. રમેશભાઈ વસાવા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટાફ મિત્રોએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### UCCPL SEASON-3




ઉધના કૉલેજમાં તા. ૧૧-૦૧-૨૦૨૫નાં રોજ ઉધના કૉલેજ ક્રિકેટ પ્રિમીયર લીગ-૩નાં પૂર્ણાહુતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ઉધના એકેડમી ઍજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીશ્રીઓએ ટુર્નામેન્ટનાં વિજેતાઓને ઇનામ એનાયત કરી જુસ્સો વધાર્યો હતો. આ કાર્યક્રમનું સંપુર્ણ આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૫૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઇવેન્ટને સફળ બનાવી હતી.

### Startup India Day

ઉધના કૉલેજમાં તા. ૧૬/૧/૨૦૨૫નાં રોજ Startup India Dayની ઉજવણી હેઠળ Tartup Activity Cell - AICTE દ્વારા 'How to Start a Startup' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. રૂદ્રી પુરોહિત (આસિસ્ટન્ટ પ્રોફેસર) તથા શ્રી ફેનિલ મોદીએ (Dr. S & S.S. Gandhy College, Surat) Startup સંબંધિત વકતવ્ય રજૂ કર્યું. આ વકતવ્યમાં કૉલેજના વિદ્યાર્થીઓને Startup વિશે Idea Generationથી માંડીને Execution સુધીનું માર્ગદર્શન આપવામાં આવ્યું. આ વકતવ્યનું સંપુર્ણ આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ વકતવ્યમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઇવેન્ટને સફળ બનાવી હતી.

## વાર્ષિકોત્સવ





તા. ૮/૦૨/૨૦૨૫ને શનિવારના રોજ સુરતના પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ ખાતે ઉધના એકેડેમી કૉલેજના વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી હિમાંશુભાઈ જરીવાલા, ખજાનચીશ્રી અમૃતભાઈ પટેલ તથા સહમંત્રીશ્રી કેતનભાઈ શાહે હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં વિશિષ્ટ અતિથિ તરીકે સાંસદશ્રી મુકેશભાઈ દલાલે હાજરી આપી વિદ્યાર્થીઓનો પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં અન્ય આમંત્રિત મહેમાનો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓનો આવકાર  આપ્યો હતો ત્યારબાદ ટ્રસ્ટના પ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ વિદ્યાર્થીઓને આર્શીવચન આપી પ્રોત્સાહિત કર્યા હતા. વાર્ષિકોત્સવમાં કૉલેજના વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગરબો, વેસ્ટર્ન ડાન્સ, કલાસિકલ ડાન્સ, સોલો ડાન્સ તથા ડયુએટ સોંગ વગેરે સુંદર કૃતિઓ રજૂ કરી હતી. ટ્રસ્ટી તેમજ કૉલેજ સ્ટાફ તરફથી પણ કેટલીક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સંગીતના તાલે ઝૂમ્યા હતા. કાર્યક્રમનું સફળ આયોજન કરવાની પ્રેરણા આપવા બદલ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. કલ્પેશ ડી. કંસારાએ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈનો તેમજ માર્ગદર્શન અને સહકાર આપવા બદલ ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઇઝી તેક્કનાલ, અને ઉપાચાર્ય (BCA) ડૉ. મનીષ કાયસ્થનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો.

## ઈનામ વિતરણ કાર્યક્રમ






ઉધના કૉલેજમાં તા.૨૮/૨/૨૦૨૫ના રોજ ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટના પ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, ટ્રેઝેરરશ્રી અમૃતભાઈ પટેલ, સહમંત્રીશ્રી કેતનભાઈ શાહ, દાતા ટ્રસ્ટીશ્રી હેતભાઈ દેસાઈ હાજર રહ્યાં હતા. જ્યારે ઉપપ્રમુખશ્રી હિમાંશુભાઈ જરીવાલા તથા સહમંત્રીશ્રી કેતનભાઈ જરીવાલાએ સંદેશા દ્વારા વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિ બદલ શુભેચ્છઓ પાઠવી હતી. ટ્રસ્ટના પ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલે વિદ્યાર્થીઓને આર્શીવચન આપ્યા હતા. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ વર્ષઃ ૨૦૨૪–૨૫નો અહેવાલ રજૂ કર્યો હતો. સપ્તધારા હેઠળ કૉલેજ તથા આંતર કૉલેજ કક્ષાએ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪–૨૫ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ, રમતો તથા સ્પધાઓમાં કૉલેજનાં વિદ્યાર્થીઓએ વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તે માટે આશરે ૮૦ થી વધુ પ્રવૃત્તિઓમાં સર્ટિફિકેટ, ટ્રોફી તેમજ ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા. ટ્રસ્ટ દ્વારા આશરે રૂ. ૨,૧૦,૦૦૦/–થી વધુ રકમની સ્કોલરશીપ પણ શૈક્ષણિક તેમજ રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ પ્રોત્સાહનરૂપે આપવામાં આવી છે. તદ્ઉપરાંત બીબીએના વિદ્યાર્થી ઓમ મિશ્રાએ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું સંશોધનપત્ર રજૂ કરી કૉલેજને ગૌરવ અપાવ્યું છે. વિદ્યાર્થીઓની સાથે સાથે પ્રાધ્યાપકોએ પણ પોતાની શૈક્ષણિક લાયકાતમાં પી.એચડી., GSETની પરીક્ષા તેમજ સંશોધન ક્ષેત્રે પેપરમાં અગ્રક્રમ પ્રાપ્ત કરી કૉલેજને ગૌરવ અપાવ્યુ છે. સ્ટાફનાં સભ્યોને પણ તેમની સિદ્ધિ બદલ સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-03-2025 to 31-03-2025

| Detail | Description | March-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 2908 | |
| | Internet Lab User | 34 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 7 | |
| | Research Scholars | 1 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 5 | |
| | Online User | - | |
| | Total | | 2955 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| March-2025 | 344 | 511 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2025 | 19 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2025 | 16 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2025 | 18 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in